# જૈન

# આદર્શ પ્રસંગો

ભાગ-૮

પંન્યાસ ભદ્રેશ્વરવિજય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# "પ્રસંગો" પુસ્તક વિષે કેટલાક અભિપ્રાય

**પ.પૂ. આચાર્ય શ્રી રત્નસુંદરસૂરિ મ.:** "..નાનકડી પણ ભારે પ્રેરણાદાયી પુસ્તિકા..આ અનુમોદનીય પ્રયાસ અનેક આત્માઓને આરાધનામાં ટકી રહેવા માટે આલંબન રૂપ બને તેવો પણ છે..."

**મુનિ શ્રી જયપદ્મવિજયજી :** "અનંત કાળે મળેલ માનવ ભવમાં શ્રેષ્ઠ કમાણી કેવી રીતે થાય ? આટલા અલ્પ આયુષ્યમાં અનંતા કર્મોનો નાશ કેવી રીતે કરવો ? આવા ઘણા પ્રશ્નોના જવાબ સુંદર જૈન આદર્શ પ્રસંગોના ૩ ભાગ આપશ્રીએ મહેનત કરીને જૈનો તથા સર્વ સમક્ષ મૂકયા તે વાંચવાથી જ મળી જાય છે. આપશ્રીનું કાર્ય ખૂબ પ્રશંસનીય છે..."

**મુનિ શ્રી યુગદર્શનવિજયજી :** "જૈન આદર્શ પ્રંસગો પુસ્તક ખૂબ વાંચવા જેવા છે. પહેલો પ્રસંગ વાંચ્યા પછી **પુસ્તક પુરૂં ન થાય ત્યાં સુધી મૂકવાનું મન થતું નથી.** સારા શ્રાવકોની અનુમોદના આ રીતે આ પુસ્તક વાંચનારા ઘણાં બધા કરતાં હશે અને ઊત્તમ મનોરથો સેવતા થઈ ગયા હશે તે બધા જ પુણ્યાનુબંધી પુણ્યના ભાગી આપશ્રી બન્યા છો. આ ચોપડી મેં જ્યારે જ્યારે વાંચી ત્યારે ત્યારે લગભગ તે પૂરી કરીને જ ઊભો થયો છું. આવો અનુભવ અનેક વાચકોને થયો હશે. વિશેષમા પ્રત્યેક પ્રસંગે તમે જે વત્તી ઓછી પ્રેરણા કરો છો તે તો ખૂબ જ ઉત્તમ કાર્ય કર્યું છે. તેનાથી તો ઊંઘતો પણ જાગી જાય."

**ભદ્રેશભાઈ, ભૂતપૂર્વ પ્રમુખ : પાંચકુવા કાપડ મહાજન :** "અત્યારે બેંગ્લોરમાં મારા મિત્રના ઘરેથી આ પત્ર લખું છુ. પ્રાતઃકાળે પક્ષીઓના મધુર કલરવથી વાતાવરણ આહ્લાદક બની ગયુ છે. ઊંઘ ન આવતા મિત્ર પાસે વાંચવા પુસ્તક માગ્યું. **ખૂબ સુંદર પુસ્તક છે એમ કહી મિત્રે જૈન આદર્શ પ્રસંગો વાંચવા આપ્યું.** વાંચતા હૃદય પુલકિત બની ગયું. આપણા આત્માની ઊન્નતિ માટે આપણે કશું કરતાં નથી. પ્રંસગો વાંચી પ્રેરણા મળી, દિલમાં ભાવ જાગ્યા કે ધર્મ આરાધના માટે પણ આપણે સમય ફાળવવો ખૂબ જ જરૂરી છે."

આવા પ્રશંસાસૂચક અન્ય અનેકોના પણ અભિપ્રાય આવ્યા છે.

તરફથી ભેટ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી ઉવસગ્ગહરં પાર્શ્વનાથાય નમોનમઃ   પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરિભ્યોનમઃ

# નૂતન વર્ષાભિનંદન

"શિવમસ્તુ સર્વ જગતઃ, પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ"

સર્વગુણસંપૂર્ણ શ્રી તીર્થંકરદેવોએ વાસ્તવિક કલ્યાણ પરોપકારથી થાય છે એમ ઉપદેશ કર્યો છે. આ નૂતન વર્ષમાં આપ પણ પરહિતરક્ત બની સ્વપરહિત સાધો એ જ શુભાશીષ. દુનિયા દેખાતા સુખાભાસ તરફ દોડી રહી છે ! હે ભવ્યાત્મા ! અનંત પુણ્યે મળેલી સદ્બુદ્ધિથી ખૂબ વિચારી નિર્મળ સુખને આપનાર જ્ઞાનીઓના સુંદર હિતવચનોને ચિંતવી સદ્ વિચાર, વચન અને વર્તનથી આ ભવ, પરભવ અને સર્વત્ર તમે આત્મિક સુખશાંતિ પામો એ જ એકની એક કલ્યાણ કામના.

# જૈન આદર્શ પ્રસંગો ભાગ-૮

**લેખક : પંન્યાસ ભદ્રેશ્વરવિજય મ.સા.**


કિંમત : રૂ. ૫/-   કન્સેશનથી રૂ. ૩/-   ૧૦૦ લેનારને રૂ. ૨૭૫/-

નકલ : ૧૦,૦૦૦   ૨૦૬૦ દીપાવલી   આવૃત્તિ : પ્રથમ


પ્રકાશિત અન્ય પુસ્તકો : લે. પં. ભદ્રેશ્વરવિજય.

| | | |
|---|---|---|
| જૈન આદર્શ પ્રસંગો | : ભાગ ૧ થી ૭ : | કિંમત રૂ. ૨૭/- |
| जैन आदर्श घटनाएँ | : भाग १ से ७ : | किमत रू. ४०/- |
| જૈન ધર્મની સમજ | : ભાગ ૧ થી ૩ : | કિંમત રૂ. ૪/- |

શુભ પ્રસંગાએ પ્રભાવના કરવા યોગ્ય સુંદર ને સસ્તુ પુસ્તક
આ પ્રસંગોના બધા ભાગની કુલ ૨,૪૦,૦૦૦ નકલ છપાઈ



Jain Education International   For Personal & Private Use Only   www.jainelibrary.org

# અંતરની વાત

"સાહેબજી ! પ્રસંગોના ૭ ભાગ વાંચ્યા. ખૂબ ગમ્યા, આઠમો બહાર પડયો ?" આવું કેટલાક ઘણા વખતથી પૂછતા હતા. સાત ભાગ વાંચી ધાર્મિક ઘણી પ્રેરણા મળી એવું ઘણાના સ્વમુખે સાંભળી મને પણ ૮ મો લખવાની ઘણા વખતથી ભાવના હતી.. તે ત્રણ વર્ષે વાચકો સમક્ષ રજૂ કરુ છું. આમાં કેટલાક પ્રસંગો તો મને પોતાને જ્યારે સાંભળવા મળ્યા ત્યારે મેં પણ અવર્ણનીય આનંદ અનુભવેલો ! તમને પણ હર્ષ થશે. નવકારની સમર્પિત સાધનાથી પ્રગટેલી આત્મિક વિશિષ્ટ શક્તિઓ, શોખીન યુવતીને ઉપધાનથી દીક્ષાની પ્રાપ્તિ, દુઃખોની વણજાર વચ્ચે મેઘજીભાઈએ મરતા મેળવેલી સમાધિ વગેરે ઘણા બધા વિવિધ વિષયના અદ્ભૂત પ્રસંગો વાંચતા તમને પણ ધર્મશ્રધ્ધા, અનેરો આનંદ, અનુમોદના., અરિહંતોએ ઉપદેશેલી સર્વશ્રેષ્ઠ ધર્મક્રિયાઓની પ્રચંડ તાકાતનું જ્ઞાન વગેરે ઘણું બધુ મળશે.

ઘણા ધર્મીઓએ ઢગલાબંધ પ્રસંગો મોકલ્યા છે. આભાર. એમાંથી મને જે આધારભૂત, પ્રેરક લાગ્યા તેને મેં મારી કલમે લખ્યા છે. આ આઠ ભાગમાં અન્યોએ મોકલેલ બધા પ્રસંગોની જાત તપાસ કરી શક્યો નથી. તેથી ક્યાંક હકીકત દોષ વગેરે થઈ ગયા હોય તો ક્ષમા માંગુ છું. ધર્મપ્રેમીઓને સૂચન કે પ્રેરક પ્રસંગો તમે મને આધાર ભૂત, વિગતવાર, સત્ય, પૂરી હકીકતો સાથે મોકલી સ્વપરહિત કરો. મારું ધ્યેય એક જ છે કે આજના વિલાસી વાતાવરણમાં પુણ્યોદયે જૈન કુળ પામેલા તમે આ વર્તમાન પ્રસંગો વાંચી કેવી અદ્ભૂત આરાધના જૈનો કરે છે, હજારો આજે પણ ધર્મના પ્રભાવે ચમત્કારો અનુભવે છે વગેરે જાણી ધર્મશ્રધ્ધા, અનુમોદના, ધર્મવૃધ્ધિ વગેરેથી આત્મહિત સાધી આ દુર્લભ માનવ ભવને સફળ કરો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

| પ્રાપ્તિસ્થાન | | મુંબઈ | ટે. નં. |
|---|---|---|---|
| ઉમેકો | :૧૦૩, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, | નાગદેવી | ૨૩૪૩ ૮૭૫૮ |
| નિલેશભાઈ | :૮૭/૨, જવાહર નગર, | ગોરેગામ (વે.) | ૨૮૭૨ ૭૪૪૮ |
| અશોકભાઈ | :ગૌતમ ૧/એ,૧૪, દામોદર વાડી | કાંદિવલી (પૂ.) | ૨૮૮૭ ૭૨૨૭ |

સંપર્ક : બોરીવલી : ૨૮૯૮ ૪૧૬૬ માટુંગા : મો. ૯૮૨૧ ૨૭૮૦૯૮

## પ્રાપ્તિસ્થાન અમદાવાદ

**રસિકલાલ રતિલાલ શાહ** : એલ. કે. ટ્રસ્ટ બિલ્ડીંગ, બરોડા બેંક સામે, પાંચકુવા ૩૮૦૦૦૨. **ફોન : ૨૨૧૭ ૫૮૦૪, ૨૨૧૭ ૫૭૮૦**

**નિરંજનભાઈ** : ૧૧, ભૂમિ એપાર્ટમેન્ટ, ૩૩, આનંદનગર, પંકજ દેરા પાસે, પો. ઓ. પાસે, ભઠ્ઠા પાલડી-૭. **ફોન : ૨૬૬૩ ૮૧૨૭, ૫૫૨૧ ૬૮૨૩**

સંપર્ક : ઓપેરા કિન્નરભાઈ : ૨૬૬૩૦૧૬૭ મહાલક્ષ્મી પરેશભાઈ : ૨૬૬૩૩૧૪૭

## સુકૃતના સહભાગી

૧. મંજુલાબેન જયંતિલાલ પટવા પરિવાર (કાંદિવલી)
૨. લતાબેન કિશોરભાઈ ફત્તેચંદ ગાંધી પરિવાર (ગીતાંજલી)
૩. દિનેશભાઈ વર્ધીલાલ વડેચા પરિવાર (ગીતાંજલી)
૪. અર્ચનાબેન કંપાણી (મુંબઈ)
૫. ચંદુલાલ હીરાલાલ અજબાણી (ધાનેરાવાળા,કાર્ટર રોડ)
૬. એક સુશ્રાવક (દોલતનગર,બોરીવલી)
૭. શાહ કિરણબેન રજનીકાંત વીજાપુરવાળા (M.H.B. કોલોની)
૮. ચીનુભાઈ ભીખાચંદ શાહના આત્મશ્રેયાર્થે (ડીસાવાળા)

પૂ. આચાર્ય શ્રી રત્નસુંદરસૂરિ મ., પૂ.પં. શ્રી વજ્રસેનવિજય મ., પં.શ્રી ભુવનસુંદરવિજયજી, પં. શ્રી ગુણસુંદરવિજયજી, મુનિશ્રી સર્વોદયસાગરજી, મુનિશ્રી જિતરક્ષિતવિજયજી, શ્રાવકો વગેરે પાસેથી આ પ્રસંગો મને મળ્યા છે. તે સર્વનો આભાર. જિનાજ્ઞા વિરુધ્ધ લખાયુ હોય તેના ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડં. પ્રાંતે વારંવાર વાંચી શ્રધ્ધા અને ધર્મ વધારો એ અંતરની સદા માટે એકની એક શુભાશીષ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



પ. પૂ., અધ્યાત્મયોગી આ. શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તી પ.પૂ. સાધ્વીજી શ્રી હીરશ્રીજી મ.સા., પૂ. શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પૂ. શ્રી હિતરક્ષિતાશ્રીજી મ. સા. ની પ્રેરણાથી સ્વ. શીખા બકુલકુમારના (ઉ. ૪ વર્ષ) આત્મકલ્યાણાર્થે વાડીલાલ ચુનીલાલ (થરાદવાળા) પરીવાર તરફથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧.શ્રી શાંતિનાથે મરતાં બચાવ્યો

સ્વાગતને શ્રી શાંતિનાથ ભગવાનની ભક્તિએ બચાવ્યો. અમદાવાદ શાહપુરમાં પ્રવીણભાઈ પોપટલાલ રહે છે. ૪ વર્ષના પુત્ર સ્વાગતને લઈ સ્કૂટર ઉપર જતા હતા. રસ્તામાં અકસ્માતમાં ટેણિયો ફીયાટ સાથે અથડાયો. હોસ્પીટલ લઈ ગયા. ડોક્ટરોએ કહ્યું કે **હેમરેજ થઈ ગયું છે.** બચવાની શકયતા લાગતી નથી. પરંતુ કોમામાં ૭૨ કલાક પસાર થઈ જાય તો કદાચ બચી પણ જાય.

શ્રી શાંતિનાથ દાદાને પુત્રપ્રેમી પ્રવીણભાઈ ખૂબ ભાવથી પ્રાર્થના કરે છે, "**દાદા ! આ નાનકાને ગમે તેમ કરી બચાવો.**" ત્રણે દિવસ રોજ અત્યંત વિનવણી કર્યા કરે છે. એક તો માત્ર ૪ વર્ષનો અને વાગેલું ખૂબ. બાજી કર્મના હાથમાં હતી. જ્ઞાનીઓ એ ભાવના પણ ભવનાશિની કહી છે. **ભાવભક્તિના પ્રભાવે સ્વાગત ૭૨ કલાકે ભાનમાં આવ્યો ! છેવટે બચી ગયો !!!** શ્રી શાંતિનાથ દાદા પર પ્રવીણભાઈની શ્રધ્ધા ખૂબ વધી ગઈ અને એણે **દાદાને રૂપિયા દસ હજારનો કિંમતી હાર ચડાવ્યો !** આજે પણ સ્વાગત જીવે છે.

પ્રાર્થનાનું અદ્ભૂત બળ છે. આ પરમ માંગલિક **નૂતન વર્ષે** તમે બધાં પણ સાચા દિલથી પરમ પ્રભાવી પ્રભુને ખૂબ શ્રધ્ધાથી **મંગલ પ્રાર્થના કરો કે** આ દુર્લભ માનવભવમાં સદ્વાંચન વગેરે **ધર્મકાર્યોથી** મારા તન અને **મનને પવિત્ર બનાવો.** ગુણો વધારી દોષોને ઘટાડી ભવોભવ શાંતિ અને સુખ અપાવો. અને પરંપરાએ શાશ્વત અને આત્મિક આનંદને અર્પો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨.ધન્ય તપસ્વી

તપસ્વીરત્ન શ્રી નવીનભાઈ મુંબઈ ભાયંદરના છે. આમનો તપ જાણી અમારા પંન્યાસ શ્રી ભુવનસુંદરવિજયજી આશ્ચર્ય પામી ગયા. તમે પણ પામશો. એમની આરાધના વાંચી તમે ભાવથી અનુમોદના કરી યથાશક્તિ અનંત પ્રભાવી તપની આરાધના જરૂર કરજો.

માંગલિક અઠ્ઠમ તપ (૬ વર્ષની લઘુ વયે), નવપદ ની ઓળી ૭ વર્ષે, ૧૦ ઉંમરે અઠ્ઠાઈ, પછી તો ૯,૧૧,૧૬ અને **૨૧ ઉપવાસ માત્ર ૨૧ વર્ષની ભરયુવાનીમાં કર્યા !!!** આજે જૈનો ધંધા, નોકરી, કોલેજમાં આગળ વધતા જ જાય છે. સચિન જેમ બેટીંગમાં એમ આ તપસ્વી તપમાં વિકાસ કરતા જ ગયા !

જેમ બિલ ગેટ્સ ધનપતિનો પોતાનો જ રેકોર્ડ દર વર્ષે સંપત્તિ વધારી ઘણા વર્ષોથી તોડી રહ્યો છે, તેમ આ પોતાના તપનો રેકોર્ડ તોડતા જ રહ્યા છે. **વાંચો એમની તપ સિધ્ધિઓ :-** માસક્ષાણ, ૩૬ ઉપવાસ, ૫૧,૬૮,૮૫,૧૦૮ પણ કર્યા !!! બીજા પણ એમણે કરેલા તપ :- ચોવિહારા ૧૬ ઉપવાસ મૌન પૂર્વક !, ૫૦૦ આયંબિલ લગભગ ૧૭ માસમાં, છઠ્ઠ થી વર્ષીતપ, અઠ્ઠમ થી વર્ષીતપ, અઠ્ઠાઈ થી વર્ષીતપ, **૧૧ ઉપવાસ થી વર્ષીતપ !** વીશ સ્થાનક તપ (૧ મહિનામાં ૨૦ ઉપવાસ કરીને), ૨ વખત સિધ્ધિ તપ, શ્રેણીતપ, શત્રુંજય તપ, પ્રદેશી તપ, નવપદની



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૪૫ ઓળી, વર્ધમાન તપની ૧૮ ઓળી, આ તપ શૃંખલામાં અઠ્ઠાઈથી વર્ષીતપમાં છેલ્લે ૩૩ ઉપવાસ કરેલા.. પારણું કરાવવા ખાસ શ્રેણિકભાઈ આવેલા..

અત્યારે શ્રી **ગુણરત્નસંવત્સર તપ** કરી રહ્યા છે ! નામ તમે સાંભળ્યું છે ? આ તપમાં પ્રથમ મહિને એક ઉપવાસ-બેસણુ એમ આખો મહિનો તપ કરવાનો. એમ જેટલામો મહિનો એટલા ઉપવાસ એટલે કે બીજા માસે બબ્બે ઉપવાસે બેસણું. એમ છેલ્લે સોળમે મહિને ૧૬ ઉપવાસ સળંગ કર્યા પછી બેસણું અર્થાત્ **૧ મહિનામાં આગળ પાછળ ૧૬ ઉપવાસ અને વચ્ચે માત્ર ૧ બિયાસણુ** આવે ! આ તપમાં કુલ ૪૮૦ દિવસમાં ૪૦૭ ઉપવાસ અને ૭૩ બિયાસણા કરવાના હોય છે ! તમે ભાવથી હાથ જોડયા ? કદાચ તમે આટલા ઉપવાસ તો નહીં પણ જિંદગીભરમાં આટલા ચોવિહાર પણ નહીં કર્યા હોય !

૫૮ વર્ષના નિવૃત્ત આ નવિનભાઈ આવા કઠિન તપ સાથે રોજ સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય આદિ આરાધના પણ કરે છે. બીજી આરાધનામાં જાવજ્જીવ સંથારામાં સૂવે અને ચંપલ ત્યાગ છે. મૂળવિધિથી પ્રથમ ઉપધાન કર્યા ! જેમ કોઈની ૫૦ લાખની મોટર જોતા પોતાને મેળવવાની માનવને ઈચ્છા થઈ જાય છે તેમ તમને ધર્મીને આ તપની સીરિયલ વાંચતા આવા નાના મોટા તપ કરવાની શુભ ભાવના જાગે છે ? ટેણિયાઓને પણ આજે બીજાનો અઠ્ઠમ વગેરે જોઈ તપ કરવાનું મન થઈ જાય છે તો ધર્મરાગી તમને આવો કોઈ તપ કરવાનું મન થવું જોઈએ ને ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૩.નવકારથી ઝેર ઉતર્યુ !

**ઉગ્રસંયમી વિનયપ્રભાશ્રીજી** સાધ્વીજીએ દીક્ષા લીધાને ૫૫ વર્ષ પૂર્ણ કર્યા છે. **તેમણે પોણા આઠ કરોડથી પણ વધુ નવકારમંત્રના જાપ કરીને સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે !** આ જ નવકાર મંત્રના જાપથી સાધ્વીજી વિનયપ્રભાશ્રીજીએ કેટલાક ચમત્કારો પણ સર્જી દીધા છે.

કોલ્હાપુરમાં વિહાર વેળાએ તેમને છાતીમાં દુઃખાવો ઉપડયો હતો. અમદાવાદમાં નારણપુરાના ડૉ. સુરેશ ઝવેરીને બતાવ્યું હતું. ડૉક્ટરે છાતીમાં કેન્સરની ગાંઠ હોવાનુ જણાવીને ગાંઠ કાઢવા ઓપરેશન કરવાની સલાહ આપી હતી. સાધ્વીજીએ **ઓપરેશનનો ઈન્કાર કરી દીધો અને નવકારમંત્રના જાપ શરૂ કરી દીધા હતા** અને એક દિવસ લોહીની ઊલટી થતાં ડૉક્ટરને બોલાવવામાં આવ્યા. ડૉક્ટર સુરેશ ઝવેરીએ આ લોહીની ઊલટી અંગે ચકાસણી કરતાં કેન્સર ગાયબ થઈ ગયાનું જણાતા જ તેઓ આ ચમત્કારથી ખુશ થયા. ગુજરાત આવતાં સાધ્વીજીના પગે નાગણ કરડી હતી. સાધ્વીજી વિનયપ્રભાશ્રીજીએ નવકારમંત્ર પર હાંસલ કરેલી સિદ્ધિના ભરોસે ડૉક્ટર બોલાવવાની ના પાડી દીધી હતી અને એ જગ્યાએ બેસી જઈને **નવકારમંત્રના જાપ શરૂ કરી દેતાં તેમના મુખમાંથી લીલું કાચ જેવું પાણી નીકળ્યું અને નાગણનું ઝેર ઊતરી ગયું !**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિંદગીભર કપડાં નહી ધોવાની ટેક રાખી હોવાના કારણે સાધ્વી વિનયપ્રભાશ્રીજી મેલા **કપડાવાળા મહારાજ તરીકે પણ ઓળખાય છે.**

મુંબઈગરાએ આવા ચમત્કારિક શ્રી નવકાર મંત્રને ટ્રેઈન વગેરેમાં તથા નવરાશ સમયે રોજ ખૂબ ગણી આત્મહિત સાધવું જોઈએ.

## ૪.નવકારે લુંટારા ભગાડયા

"નમો અરિહંતાણ"..... રટવા જ માંડયો. ત્યારે **એને એક જ ધુન ચડી. અરિહંતાણં બોલ્યા જ કરે. એ ડોંબીવલીનો જૈન યુવાન હતો. આર્થિક સ્થિતિ સામાન્ય. માંડ ૭૦ થી ૮૦ હજારની મૂડી હતી. એક** દિવસ આશરે ૮૦ હજાર જેટલી રકમ લઈને જતો હતો.. થોડે આગળ જતા શંકા પડી કોઈ મારી પાછળ પડયું છે. બચવા ફાંફા મારતો હતો ત્યાં એક અજાણ્યાએ નીચે પાડી નાખ્યો. અને બીજાએ આની **રૂપિયાની બેગ પડાવી લીધી,** અને પાંચ જણા ભાગવા માંડયા. આ સામાન્ય માણસ તો ખૂબ ગભરાઈ ગયો કે પૈસા ગુંડા લૂંટી ગયા. મારી તો મૂડી સાફ થઈ ગઈ. હવે જીવીશ કેવી રીતે ? આ ભયંકર સંકટમાથી મને કોણ બચાવે ? **ત્યાં શ્રી નવકાર મહામંત્રનો પ્રભાવ યાદ આવ્યો. તરત નમો અરિહંતાણ સતત બોલવા જ માંડયો.** એ ય ગુંડા પાછળ દોડ્યો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થોડી જ વારમાં ત્યાં **એક મોટર ગુંડાઓ પાસે આવી ઊભી રહી !** ગુંડાઓએ જોયું તો અંદર પોલીસો હતા !! ગુંડા ગભરાયા. બેગ લઈને દોડતાને લાગ્યું હશે કે મને જો બેગ સાથે પોલીસ પકડશે તો રેડ હેન્ડેડ ગુનો સાબિત થઈ જશે. બીકથી બેગ નાખી જોરથી નાસવા લાગ્યો ! બીજા બધા ગુંડા પણ એકદમ ભાગવા જ માંડયા. આ જૈને તરત જ દોડી પોતાની બેગ લઈ લીધી. જીવમાં જીવ આવ્યો. ગુંડા તો ઊંધુ ઘાલી ભાગતા જ રહ્યા. ગાડી પણ જતી રહી.

યુવાનને જાત અનુભવથી દઢ શ્રધ્ધા થઈ કે મારા નવકારનો પ્રભાવ અચિંત્ય છે. ભગવાને આને ચમત્કારી મહામંત્ર કહ્યો છે એનો મને પણ આજે પરચો મળી ગયો. જો **નવકાર યાદ ન આવ્યો હોત તો મારે મરવાનો વારો આવત.** તે પૂ. સર્વોદય સાગર મ. ને મળ્યો. બધી વાત કરી. મ. શ્રી એ પણ કહ્યું કે આ તો શાશ્વત સર્વશ્રેષ્ઠ મંત્ર છે. તમારી મોટી આપત્તિ દૂર કરી આપી. ધર્મ વધારતા રહેજો. આ પ્રસંગોમાં એક સાચો પ્રસંગ છાપ્યો જ છે કે જીવાભાઈ શેઠને પણ મુસલમાનો રહેંસી નાખત. તેમને આફતમાં આ જ નવકારે બાલ બાલ બચાવી લીધા !!

**નવકારમાં જગતના સર્વશ્રેષ્ઠ અરિહંત વગેરે પાંચને નમસ્કાર કરવામાં આવે છે.** તેથી જ તેનો મહિમા અદ્ભૂત છે. હે જૈનો ! તમે **અનંત પુણ્યે આ પવિત્ર મંત્રને જન્મથી પામ્યા છો.** પ્રભુમાં દઢ શ્રધ્ધા રાખી આની આરાધનાથી સર્વત્ર આત્મિક સુખ શાંતિ મેળવો એ જ શુભાશીષ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૫.નવકાર સાધનાથી દિવ્ય સિદ્ધિ !!!

**"ભાગ્યશાળી ! શું શું આરાધના કરો છો ?"** પ.પૂ. ગુરૂદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વર મ. સાહેબે માટુંગાના કાન્તિભાઈને પ્રશ્ન કર્યો. "સાહેબજી ! કાંઈ આરાધના કરતો નથી. બસ માત્ર રોજ પૂજા કરૂં છું." "કાંઈક તો કરતા હશો. જૈન છો. યાદ કરો." "પૂજ્યશ્રી ! દર અઠવાડિયે કિરણભાઈનું વક્તવ્ય સાંભળું છું." "સારૂ છે. એમની સાધના જાણવા જેવી છે."

**કાન્તિભાઈ પૂજ્યશ્રીના સ્વમુખે કિરણભાઈ ની સાધના સાંભળી દંગ રહી ગયા !** કાન્તિભાઈ રોજ વંદન પણ કરતા નહીં. પરિચિત શ્રાવક પ્રેરણા કરી વંદન કરવા લાવ્યા ત્યારે પૂ. આ. શ્રી એ કૃપા કરી આ નવા શ્રાવકને ધર્મમાં આગળ વધારવા વાતો કરતાં ખૂબ ભાવવર્ધક વાત કરી ! કાન્તિભાઈ એ મને આ બધી વાત કરતા કહ્યું, "પૂ. શ્રી ની કૃપાથી પછી તો ધર્મમાં મારો વિકાસ થતો ગયો. તેમની સુંદર સાધના જાણી કિરણભાઈને ૩૦ વર્ષથી નિયમિત અવશ્ય સાંભળું છું ! પછી તો પ. પૂ. પંન્યાસજી મ. શ્રી ચંદ્રશેખરવિજય મ. સા. નો પરિચય થયો. ધર્મ હૈયામાં પરિણામ પામતો ગયો....." **આ કાન્તિભાઈ વર્ષોથી સુંદર શ્રાવક જીવન આરાધી રહ્યા છે.** તેમના પરિચયમાં આવતા શ્રાવકો પણ તેમનો ધર્મરાગ જોઈ ખુશ ખુશ થઈ જાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ કાન્તિભાઈ **જે કિરણભાઈની સાધના સાંભળી ધર્મી બનતા ગયા તે તમે પણ ખૂબ ધ્યાનથી વાંચો.** તમારી આરાધના પણ વધી જશે ! કિરણભાઈ મહાયોગી ગણાતા પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજય મ. સા.ને ગુરૂ માનતા હતા. તેમના ચાતુર્માસ પ્રવેશ પર મારવાડ ગયા. ધામધૂમથી સંઘે પ્રવેશ કરાવ્યો. બપોરે વંદન કરી કિરણભાઈએ ગુરૂદેવને વિનંતી કરી કે રાત્રે મુંબઈ જાઉં છું. કામકાજ ફરમાવશો. પૂ. પં. શ્રી એ કહ્યું, "કિરણભાઈ ! તમારા મિત્ર સાથે ઘરે કહેવરાવી દો કે કિરણભાઈ ચોમાસું મારવાડ કરવાના છે." પં. મ. સા. નું એ ચોમાસુ મારવાડ હતું. આ સાંભળી તમે શું વિચારો ? કયા બહાના શોધો ? પરંતુ આ **કિરણભાઈ તો સાચા સમર્પિત હતા. તહત્તિ કર્યુ !** કહેવરાવી દીધુ ! ચોમાસુ રહી ગયા !! (જાગો છો ? આખુ ચાતુર્માસ રાજસ્થાનમાં રહી ગયા !)

બીજે દિવસે વ્યાખ્યાન સાંભળવા આવ્યા. ગુરૂદેવે કહ્યું, "કિરણભાઈ, તમારે અત્યારે આ હોલમાં જ સામેના ખૂણામાં બેસી શ્રી નવકારની સાધના કરવાની છે. એક નવકાર ગણતા કેટલીવાર લાગે ?" "૧-૨ મિનિટ" "પણ **તમારે અત્યારે એક સામાયિકમાં માત્ર ૧ નવકાર ગણવાનો છે !!!"** "તહત્તિ." સામાયિક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લીધું. આજ્ઞા પાળવા મહેનત કરી. પણ આ સાધના મુશ્કેલ હતી. ગુરૂજીએ આશ્વાસન આપ્યું કે કંઈ વાંધો નહિ. શરૂઆત છે. કઠિન લાગે. પણ સાધના કર્યા કરો. સફળતા મળશે. કિરણભાઈએ નિષ્ઠાપૂર્વક સાધના કરવા માંડી. થોડા દિવસે સફળતા મળી ! જેમ શિખાઉ સાયકલ શીખતા ૨-૫ વાર પડે પણ મંડયો રહે તો આવડી જાય તેમ !

પછી પૂ. પં. શ્રી. એ કહ્યું કે હવે ૨ સામાયિક સળંગ લઈ એકાગ્રતાથી એક નવકાર ગણવાનો છે. સાધના શરૂ ! કેટલાક દિવસે સફળ થયા. ગુરૂદેવે આગળ વધારતા ૩ સામાયિક માં ૧ નવકાર.. એમ ધીરે ધીરે આખા દિવસમાં ૮ સળંગ સામાયિક કરી માત્ર ૧ નવકાર ગણતા કર્યા !!! પછી પ્રેરણા કરતા **અઠ્ઠાઈ કરી સળંગ ૮ દિવસ માત્ર ૧ જ નવકારનું ધ્યાન કરવા કહ્યું** !!! પાછો યજ્ઞ શરૂ કર્યો ! સફળતા મેળવી જ !!!

અને **આ શાશ્વત મંત્રાધિરાજની ધ્યાનની સાધનાથી કિરણભાઈમાં અદ્ભૂત શક્તિઓ પ્રગટ થઈ** !!! કોઈ પણ પદાર્થનું એ ખૂબ સુંદર રીતે ખૂબ વિસ્તારથી વર્ણન કરી શકે !! વક્તવ્ય કલાકો સુધી સળંગ આપે અને વચ્ચે ખાવા-પીવા-બાથરૂમ-



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંડાસ કાંઈ જરૂર નહીં ! કાન્તિભાઈએ સ્વયં અનુભવ કર્યો કે એક વાર તેઓ યાત્રાએ સાથે ગયેલા. **ટ્રેઈનની સળંગ ૩૬ કલાકની મુસાફરીમાં કિરણભાઈ લગાતાર છત્રીસે કલાક ધર્મ સંભળાવતા જ રહ્યા !!! વચમાં એકવાર પણ ખાવા, પીવા, ઉંઘવા, પેશાબ કરવા ન ઉઠયા** ! બધા યાત્રાળુ ચકિત થઈ ગયા. નવકાર ધ્યાનથી સમતા વગેરે ફળ પણ મળ્યા !!

પૂણ્યશાળીઓ ! ધન વગેરે માટે તો કરોડો માનવ ઘણી સાધના કરે છે. તમે જૈન છો. ગયા ભવમાં ઘણુ પુણ્ય કરી આ **જયવંતુ જિનશાસન પામ્યા છો. એને સફળ કરવા આવી કોઈ આત્મિક સાધના કરવા જેવી છે** ! વળી તમે પણ નવકારવાળી ગણતા હશો. પણ વેઠની જેમ. આ વાંચી હવે પુરુષાર્થ કરો કે અનંત ફળદાયી આ શાશ્વત મંત્રાધિરાજને હું શ્રદ્ધાથી, ભાવથી ગણીશ. પ્રભુધ્યાન, ભક્તિ, પ્રવચન, સામાયિક આદિ સાધના શ્રધ્ધાથી ભાવથી કરવા મચી પડો. **સર્વશ્રેષ્ઠ તીર્થંકર દેવે બતાવેલા આ અનંત મહિમાવંત પ્રભુભક્તિ વગેરેથી ભવોભવના આત્મિક સુખ શાંતિ મળશે જ** !! ઉઠો ! સાધના કરો ! અને સ્વપરહિત કરો એ અંતરની એકની એક સદા માટે શુભાશીષ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૬.કોલેજ પ્રવેશ ને બદલે સંયમ

"પપ્પા, મમ્મી ! આવતે વર્ષે મારે કોલેજમાં દાખલ થવું છે." દિવ્યાએ પંકજભાઈને વિનંતી કરી. પિતાજીએ ફરી સમજાવી, "બેટા ! તારે સંગીત, કોમ્પ્યુટર વગેરે જે ઈચ્છા હોય તે શીખ, પરંતુ મારે તને કોલેજમાં ભણાવવાની જરાય ઈચ્છા નથી !" મુંબઈ માં ૩ વર્ષ પહેલા બનેલી આ તદ્દન સત્ય ઘટનાના નામ બદલ્યા છે. દિવ્યા ખાનદાન, સંસ્કારી હતી. તેથી કોલેજમાં ન ભણવાની પપ્પાની ઈચ્છા તેણે વધાવી લીધી ! પરંતુ સખીઓની કોલેજની અમનચમનની વાતો સાંભળી આ મોજીલી યુવતીને કોલેજમાં મજા માણવાનું મન થઈ ગયું. ઘણું સમજાવવા છતાં કોલેજની ખૂબ ઈચ્છા જાણી **પિતાશ્રીએ એક શરત મૂકી કે તું પહેલા ઉપધાન કરે તો કોલેજ ભણાવું !!!** પંકજભાઈ ને મનમાં હતું કે વર્તમાન વિલાસી વાતાવરણ મારી સુપુત્રીને કદાચ ગેર માર્ગે દોરી જશે. જો ઉપધાન કરે તો એ ધર્મ સમજી જાય. તો ખોટા રસ્તે દુઃખી ન થાય. સુપુત્રીએ પણ શરત સ્વીકારી !

ગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં કલિકુંડમાં ઉપધાન થવાના હતા. પંકજભાઈએ પુત્રીને ત્યાં લઈ જઈ પ્રશાંતમૂર્તિ પૂ. આ. શ્રી જગચ્ચંદ્રસૂરિ મ. સા. ને વિનંતી કરી, "આ ધર્મરહિત પુત્રી મારા કહેવાથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપધાન કરે છે. એને તકલીફ ન પડે." પૂ. શ્રી એ સાધ્વીજી સંવેગનિધિશ્રી મ.ને બોલાવી સાચવવાની ભલામણ કરી. **જિનવાણી શ્રવણ, પ્રભુની ફરમાવેલી ઉપધાનની પવિત્ર ક્રિયાઓ વગેરેના અચિંત્ય પ્રભાવે આ કન્યાનો ધર્મ પ્રત્યે આદર વધતો ગયો** !! થોડા દિવસો પછી ઘરેથી પોતાના ઉદ્ભટ વસ્ત્રો મંગાવી દાન કરી દીધા. એક જૈન કન્યાએ આવા કપડા પહેરાય જ નહીં એ એને નક્કી સમજાઈ ગયુ હતુ !

ઉપધાન પછી તેની રહેણી-કરણીથી ઘરના સમજી ગયા કે દિવ્યાનું હવે જીવન પરિવર્તન થઈ ગયું છે. તેણે ધર્મ આચરવા માંડયો. ક્યારેક સાધ્વીજી સાથે થોડા દિવસ રહી આરાધના વધારતી ગઈ. કોલેજમાં ભણવા જવાની ઈચ્છા મરી ગઈ. **લગભગ ૨ વર્ષ પછી પિતાજીને દીક્ષા આપવા વિનંતી કરી** !!! પ્રેમાળ પિતાશ્રીએ દીક્ષાની કઠિનતા વગેરે સમજાવ્યા. કોઈની સાથે લગ્નની ઈચ્છા હોય તો નિઃસંકોચ જણાવવા વાત્સલ્યતાથી કહ્યું.

પરંતુ **દિવ્યાને હવે ધર્મની શ્રેષ્ઠતા સમજાઈ ચૂકી હતી.** તેને લગ્ન કરવા જ ન હતા. પરંતુ બિલકુલ ધર્મ ન કરનારી કોડિલી કન્યા દીક્ષા લે એ પંકજભાઈને મનમાં બેસતુ ન હતું. વળી એ પણ શંકા રહ્યા કરતી કે કદાચ આ ઉતાવળમાં દીક્ષા લઈ લે પણ સંયમના આચારો કડક. ત્યાં કદાચ સેટ ન થાય તો મારી લાડલી દીકરી દૃઃખી થઈ જાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરંતુ **પુત્રી તો સદા એક જ વાત કરતી કે મને દીક્ષા અપાવો**. ઘણી બધી વાતનો સાર એ છે કે ઘણો બધો વિચાર કર્યા પછી સુપુત્રીની એક જ રઢ જાણી તેમણે સંમતિ આપી !

૯૦ સાધુ, સાધ્વીની નિશ્રામાં દિવ્યાને દીક્ષા પરિવારે ધામધૂમથી આપી ! પછી અવારનવાર વંદન કરવા જતા ત્યારે **સાધ્વીજીની પ્રસન્નતા, સંયમ જીવનનો આનંદ, આચાર્ય ભગવંત ની કૃપા, ગુરુણીનું વાત્સલ્ય વગેરે જાણી** પંકજભાઈ ખૂબ ખુશ થતા ! આ બધી વાતો સાંભળતા થોડા મહિના પછી પંકજભાઈને દ્રઢ વિશ્વાસ થઈ ગયો કે મારા સુપુત્રી સાચા સાધ્વી બની ગયા છે !! હવે જરા પણ ચિંતા કરવા જેવી નથી. આ સાધ્વીશ્રીના ધર્મરહિત કાકા વગેરે પણ સાધ્વીના સંયમની મસ્તી જોઈ ધર્મપ્રેમી બની ગયા !!

તેઓને પણ શ્રદ્ધા થઈ ગઈ કે **આવા હડહડતા કલિકાળમાં પણ શાસન જયવંતુ છે** ! તેમાં અનેક સાચા સાધુ-સાધ્વી છે. તેઓ પૃથ્વીને પાવન કરવા ઉંચી કોટિનું સંયમ જીવન માણી રહયા છે ! આ **અનુભવ પછી સાધુ, સાધ્વીને જુવે કે એમને થાય કે જાણે ધર્મ શાક્ષાત્ સદેહે સામે આવી ગયો છે** !! એટલે આનંદ આનંદ થઈ જાય. સાધ્વીજી પણ લગભગ ૨ વર્ષથી પ્રભુએ સર્વશ્રેષ્ઠ તરીકે વર્ણવેલા સંયમના આત્મિક આનંદને અનુભવી રહ્યા છે. આ અદ્‌ભૂત પ્રસંગ આપણને ઘણુ બધું કહી જાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧) આજના ભયંકર વિલાસી વાતાવરણને કારણે ધર્મ ન કરતો જૈન પણ **જિનવાણી વગેરે ધર્મના આલંબનો પામી દીક્ષા સુધી પણ પહોંચી જાય છે !!!** તેથી સંઘમાં અને ઘરઘરમાં ધર્મની આરાધનામાં જૈનોને જરૂર જોડવા. અને આજનો અધર્મી કાલનો ઉચ્ચ ધર્મી પણ બની શકે છે તે જાણી **અધર્મીનો પણ તિરસ્કાર કદિ ન કરવો.**

(૨) **આ પ્રસંગથી એ સિધ્ધ થાય છે કે આત્મા છે, પરલોક છે વિગેરે.** કારણ કે ધર્મરહિત યુવતિ એક નિમિત્ત પામી ઘણે ઉંચે પહોંચી ગઈ. કેટલાક જૈન વર્ષોથી ધર્મ કરવા છતાં શ્રાવકપણું પણ ભાવથી આરાધતા નથી. જ્યારે આ દિવ્યા ઉપધાનના નિમિત્તે ખૂબ આગળ વધી ગઈ. એથી સિધ્ધ થાય છે કે પાછલા કોઈ ભવમાં આ દિવ્યા ધર્મની આરાધના કરીને અહીં આવી છે. તેથી જ સાધ્વી બની ગઈ.

(૩) આત્માર્થીએ ધર્મરહિત જીવની આવી શુદ્ધ સાધના જાણી ધર્મશ્રદ્ધા વધારવી અને ધર્મની ખોટી સાચી નિંદા સાંભળી, બીજા આગળ ધર્મ વગેરેની નિંદા ન કરવી. કારણ **આજે પણ સુસાધુ છે, ધર્મ છે, ધર્મનો પ્રભાવ છે** વગેરે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૭.સમાધિ મરણ

શ્રી "જય વીયરાય" પરમ પવિત્ર સૂત્ર છે. શ્રી ગણધરોએ રચેલું છે. તેમાં ભવોભવ સાચી શાંતિ અને અંતે શાશ્વત શાંતિ આપનારી ૧૩ પ્રાર્થના પૈકી ૧૨ મી સમાધિ મરણની પ્રાર્થના પણ કરી છે. શ્રી તીર્થંકરો ફરમાવે છે કે મોત તો બધા જીવોએ અનંતાનંત કર્યા છે. પરંતુ અસમાધિ મૃત્યુને કારણે દુઃખ જ પામતો રહ્યો છે. જો માત્ર **એક વાર પણ મોત સમાધિથી થાય તો ભવોભવ દિવ્ય શાંતિ, સુખ અને ટૂંક સમયમાં મોક્ષ મળે** !!!

મેઘજીભાઈએ જે રીતે મરતાં સમાધિ મેળવી એ અનુમોદનીય છે, ઈચ્છનીય છે. મોટા મોઢા ગામવાસી મેઘજીભાઈની બીમારી વધતાં ભત્રીજો જામનગર હોસ્પીટલ લઈ ગયો. ખબર પડી કે અલ્સરનું ચાંદુ હતું. સારવાર કરાવી. પણ પાછી તકલીફ થતી. વારંવાર આવું થયું. પૂછતાં ડોક્ટરે **કહી દીધું કે બચવાની આશા બિલકુલ નથી**.

મેઘજીભાઈને પણ અણસાર આવી ગયો હશે કે હવે મૃત્યુ નજીક છે. તેથી તે બધા સાથે ક્ષમાપના કરવા માંડયા. અને સમાધિની જ ઈચ્છા વ્યક્ત કરતા ! આ બીમારીમાં મેઘજીભાઈના સંસારી સગા પૂજ્ય પંન્યાસજી વજસેનવિજયજી મ. સા. તથા બીજા મહાત્માઓ તથા સાધ્વીજીઓ તેમને ધર્મ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંભળાવવા અવારનવાર પધારતા. ત્યારે તે ખૂબ પ્રસન્ન દેખાતા અને કહેતા, "હે **પૂજ્યો ! બસ મને સમાધિ અપાવો.**" આવી સીરીયસ હાલતમાં પણ આ સુશ્રાવક દુષ્કૃત ગર્હા, સુકૃત અનુમોદના અને નવકાર જાપ કર્યા કરતા !!

તા. ૧૫/૦૭/૯૪ એ તેમણે પત્નીને કહ્યું, "હું હવે જઈશ. તુ આરાધના કરજે." ભત્રીજાને પણ પોતાના ધર્મપત્નીની સંભાળ રાખવા સૂચના કરી. પછી પોતાને હોસ્પીટલમાંથી ઘરે લઈ જવા આગ્રહ કર્યો. તે કહે, "**હવે મને દવા ન આપશો, મને માત્ર નવકાર સંભળાવો, આરાધના કરાવો.**" તેમના ગામમાં ઘરે તેમને લઈ જવામાં આવ્યા. પૂ. પં. વજ્રસેનવિજય મ. સા. તેમના ઘરે પધાર્યા. વાસક્ષેપ નંખાવ્યો. પછી તો પોતાને અતિ પ્રિય એવી શ્રી નવકાર મંત્રની ધૂન લગાવી ! કોઈ પણ બીજી વાત કરે તો નિષેધ કરી નવકારની ધૂન કરવા દબાણ કરે !

આમને પહેલાં બે એટેક આવેલા. અનેક જાતની **વેદના, ખૂબ નબળાઈ અને ઘણી બેચેની હોવા છતાં પોતે નવકારનું રટણ કર્યા કરતા !** બીજાઓ નવકાર બોલે તો ખૂબ ખુશ થતા ! સાંજે ૫.૩૦ વાગે સ્વયં સજાગ બની ગયા. સામે રખાવેલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન તથા પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજય મ. સા. ના ફોટાને વંદન કરી પદ્માસને બેસી ગયા !!! સગા સંબંધી બધા આવી ગયેલા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાધ્વીજી મહારાજોને પણ બોલાવેલા. નવકાર સંભળાવતા હતા. પોતે ઈશારાથી **નવકાર સંભળાવવાનું ચાલુ રાખવા કહ્યું**, અને આંગળી ઊંચી કરી ! **જાણે કે કહેતા હતા કે હું ઉપર જાઉં છું !** કાઉસ્સગ્ગ મુદ્રામાં રાત્રે ૭ વાગે સદ્‌ગતિ સાધી લીધી !

**જીવનમાં મેઘજીભાઈએ રૂ. ૬૦ લાખ સદ્‌વ્યય, પાલીતાણા ભાતા ખાતામાં છેલ્લે રૂ. ૧૧ લાખનું દાન, જીવિત મહોત્સવ વગેરે આરાધના કરેલી !** છેલ્લે પત્નીને કહેલું, "૧૦૦ ઓળી કરનારા તપસ્વીઓનું બહુમાન સોનાથી કરજે તથા પ્રભુભક્તિ વગેરે આરાધના કરજે !" તેમની ભાવના હતી કે મારી સમાધિ માટે ૧ કરોડ નવકાર ગણાય. પૂ. વીરસેનવિજયજી મહારાજશ્રીએ ૧ કરોડ અને બીજાઓએ કુલ ૪૫ લાખ નવકાર તેમને આપ્યા હતા !

અનાદિ કાળથી આપણે સાંસારિક તુચ્છ ભોગો પાછળ ભટકી ભયંકર દુઃખો મેળવ્યા છે. ધર્મપ્રેમી આપણે આ લોકોત્તર શાસન પામી સમાધિના સુખને મેળવવા જેવું છે. આપણે પણ **પ્રભુને અંતરથી પ્રાર્થના** કરીએ કે અમને પણ મૃત્યુ સમયે બધું ભૂલી પદ્માસનમાં અંતિમ આરાધના પૂર્વક **નવકારધ્યાન લાગે** અને ભવોભવ આરાધના ખૂબ કરી સ્વહિત સાધીએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૮.સંયમ કબ હી મીલે

બે મિત્રો દીક્ષાની ભાવનાવાળા હતા. તેઓને **દીક્ષા લેવાની ભાવના ઘણી હતી.** પણ આર્થિક રીતે સંસારી માતા-પિતાને સધ્ધર કર્યા પછી લેવી એમ વિચાર્યું. તેથી બેઉ મિત્રોએ ધંધો પાર્ટનરશીપમાં કરવાનું વિચાર્યું. ભાગીદારીની પહેલી શરત એ હતી કે એકની દીક્ષા નક્કી થાય તો બીજાએ પણ સાથે જ દીક્ષા લેવી અને **આ મહાન સંકલ્પ સાથે ધંધો ચાલુ કર્યો.** શુભ ભાવનાના કારણે કમાણી વધતી ગઈ !!! રેડીમેડ ફેક્ટરીની સાથે નવી નવી જગ્યાઓ લેવા માંડી અને આર્થિક દષ્ટિએ **ધંધો જામતો ગયો !** ત્યાં તો એકની દીક્ષા નક્કી થઈ. તરત જ ત્રણ દિવસમાં બીજા મિત્રે પણ પોતાની દીક્ષા નક્કી કરી અને જોરમાં ચાલતો ધંધો છોડીને ઉલ્લાસથી સંયમ સ્વીકાર્યુ ! આજે **બેઉ મિત્રો સાધુ જીવનમાં સુંદર આરાધના કરી રહ્યા છે !** આ પ્રસંગથી બોધ લેવા જેવો છે કે કોઈને પણ ધાર્મિક શુભ ભાવના હોય તો **શુભ સંકલ્પ સાથે જો ઉદ્યમ કરે તો ધર્મ મહાસત્તા તમને ખૂબ જ મદદ કરશે !** પણ સંકલ્પ જેટલો દ્રઢ અને પવિત્ર હૃદયથી હશે તેટલીજ જલદી સફળતા મળશે !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૯. પ્રભુભક્તિથી મૂંગાપણું નાશ

વીરચંદભાઈ મોહનલાલ શાહ. ચીખલી ગામ (તા. હવેલી, જિલ્લો-પૂના) ના છે. આ ઘટના સં. ૨૦૫૬ ની છે. **૧૨ વર્ષથી બોલવાનું બંધ થઈ ગયેલું.** ઉંમર ૪૯ વર્ષની હતી. ડોકટરો, વૈદ્યોને બતાવ્યું. બધાએ તપાસી કહ્યું કે આનો ઈલાજ નથી. ઘણાએ સલાહ આપી કે મંત્રવેત્તા, ભૂવા વગેરેથી કેટલાક સારા થઈ જાય છે. એ બધા ઉપાય કરો. પરંતુ ધર્મશ્રદ્ધાળુ વીરચંદજીએ **આ ભયંકર દુઃખથી છૂટવા શ્રદ્ધાપૂર્વક શ્રી નવકારના જાપ શરૂ કર્યા !** દૃઢ શ્રદ્ધા હતી કે મારા અરિહંતથી આ જરૂર મટશે ! એક વાર ધંધાર્થે પૂના ગયેલા. **શ્રી ગોડીજી પાર્શ્વનાથના દર્શનભક્તિ-જાપ કર્યા. બોલવા માંડયા !!** ચીખલી ગામના લોકો જાણી અત્યંત હર્ષિત થઈ ગયા. લોનાવાલા સંઘે તો આનંદથી નાચતા વીરચંદભાઈનો વરઘોડો કાઢી ગામમાં ફેરવ્યા કે અમારા ધર્મનો પ્રભાવ જુઓ ! આ વીરચંદભાઈ પ્રામાણિક એવા છે કે દુકાને અભણ કે બાળકો આવે તો પણ ક્યારેય છેતરપીંડી કરતા નથી ! પ્રભુભક્તિનો પ્રભાવ એવો અદ્‌ભૂત કે આજે પણ બોલવાનુ ચાલુ જ છે !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૦.ધર્મમાં જોડનારા દાનવીર

અઢળક ધન આપી સુરતવાળા બાબુભાઈ ફકીરચંદ ઘણાને દર્શન, પૂજા વગેરે ધર્મ કરાવતા ! અને ઘણી સ્ત્રીઓને પાપથી છોડાવતા. આ સત્ય કિસ્સાના બધા નામ પણ સત્ય છે. અમરેલીના, હાલ બોરીવલીમાં રહેતા રમેશભાઈ બેકાર અને આર્થિક રીતે દુઃખી હતા. આજીવિકા ની શોધમાં બજારમાં રોજ ભટકતા. એક દિવસ બાબુભાઈની નજર પડી. બોલાવી કહ્યું, "**દર્શન કરી રોજ ચાંદલો કરજે**. તને રોજ દલાલી પેટે રૂા. પાંચ આપીશ !" સંવત ૧૯૫૭ આસપાસની આ ઘટના સમયે ૧ પાઈની પણ કિંમત હતી. ત્યારે માસિક પગાર રૂા. ૮-૧૦ હતો. રમેશને ધન ની ખૂબ જરૂર હતી. તેથી દેરે ચાંદલો કરી રોજ રૂા. પાંચ લઈ આવે. પણ દર્શન ન કરે. કારણકે કોઈ કારણે ધર્મમાં અશ્રદ્ધા હોવાથી દેરાસરે દર્શન તો કરતો જ ન હતો. પરંતુ ચોથે દિવસે શુભ પળે તેને વિચાર આવ્યો કે શેઠ તો દર્શન કરવાના પૈસા આપે છે. હું તો કરતો નથી ! આ હું અન્યાય કરું છું. હવેથી રોજ દર્શન કરીને જ પૈસા લઈશ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દસેક દિવસે શેઠે પ્રેરણા કરી કે **કાલથી રોજ પ્રભુજીની પૂજા કરજે. તને હવેથી રોજ દલાલી પેટે રૂા. ૫૦ આપીશ** !! એક રૂપિયાના ફાંફા હતા એ રમેશને ખાલી પૂજા કરવાથી કાલથી ૫૦ મળશે એ સાંભળીને ખૂબ આનંદ અને આશ્ચર્ય થયા ! ત્યારના ૫૦ એટલે આજના હજારથી પણ વધારે. જૈનોને **ઉદારતાથી મોટી રકમ આપી દર્શન પૂજામાં જોડનારા એ શેઠનો કેવો ધર્મપ્રેમ અને ઉદારતા** !!! રમેશે રોજ પૂજા કરવા માંડી. બાબુભાઈ દર કારતક પૂનમે શ્રી શત્રુંજયની યાત્રા સપરિવાર કરે. એક વાર શેઠ રમેશને આ શાશ્વત તીર્થની યાત્રા કરાવવાના શુભ ભાવથી સાથે લઈ ગયા ! શેઠ દર વર્ષે ચઢાવો બોલી પહેલી પૂજા કરતા. રમેશને પણ કરાવી. રમેશ ખુશ ખુશ થઈ ગયો. એમ **પાંચ વર્ષ સળંગ શેઠે રમેશને પણ પહેલી પૂજા કરાવી.**

એકવાર એક સામાન્ય દેખાતી વૃધ્ધા ઉછામણી ૨૮૦૦૦ બોલી. કેટલાક ને શંકા પડી. તેણે શ્રાવકોને કહ્યું કે હું, ધર્મમાં રકમ રોકડીજ ચૂકવી દઉં છું. તમને શંકા પડતી હોય તો આ મારો હીરો લઈ જાવ. કિંમત કરાવી પાછો મને દાદાના દેરાસર ની બહાર આપજો. ત્યા આવેલા જૈન ઝવેરી એ ૮ લાખ રૂપિયાનું મૂલ્ય કહ્યું. શ્રાવકે હીરો ડોસીને દાદાના દરબારમાં આપ્યો. **આ હીરા પર મારા પ્રભુની દૃષ્ટિ પડી. હવે દાદાને**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**સમર્પિત કરી દઉં એમ બોલી તે વૃધ્ધા એ હીરો ભંડારમાં પૂર્યો ! ચઢાવો બાબુભાઈએ લીધો. અને આ વૃધ્ધાના ઉત્તમ ભાવની કદર કરી,** આગ્રહ કરી તેમના હાથે પહેલી પૂજા કરાવી !!!

બાબુભાઈનો સ્વર્ગવાસ થયો. શોકસભામાં ઘણા આવેલા. **૧૦૦ થી વધુ અજાણી સ્ત્રીઓ પણ આવેલી.** પુછતાં જે વાત જાણી તેથી બધાને સાનંદ આશ્ચર્ય થયું. તે યુવતીઓને લુચ્ચાઓએ કપટથી વેશ્યા બનાવેલી. બાબુભાઈ દલાલ મારફત સંપર્ક કરી તેમને પૂછતા કે આ ભયંકર પાપથી તમારે છુટવુ છે ? ઉદારદિલ બાબુભાઈ હા પાડે એ યુવતીઓને કુશીલના ભયંકર પાપથી બચાવવા તેઓની અક્કાને મૂલ્ય આપી છોડાવી તેમના પિતા પાસે મોકલી સાથે ધન આપતા !!! જેથી ફરી આવું કામ કરવું ન પડે. એ બહેનોએ કહ્યું કે **આ અતિ ઉદારદિલ શેઠનો પાડ માનીએ એટલો ઓછો છે !**

હે વાચકો ! આ શેઠના આવા અનેક ઉત્તમ કાર્યોની સાચા દિલથી ખૂબ અનુમોદના કરી યથાશક્તિ **તમે પણ તમારા પરિવાર, પડોસી, સાધર્મિકોને પૂજા, પ્રવચન, સામાયિક વગેરે ધર્મની દિલથી પ્રેરણા કરો.** અને પાપ કાર્યોથી બચાવી પરોપકાર જરૂર કરો. કબુતરને ચણ નાખવાના તમને ભાવ જાગે છે. આ તો એનાથી અનેક ગણું ઉંચુ ધર્મ કાર્ય છે. કરશો ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૧. સામાયિકથી સૂરિ પદે !

પૂ. સ્વ. ગચ્છાધિપતિ શ્રીભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે (ત્યારે મુનિ ભાનુવિજય મ.) એક કિશોરને ઉપાશ્રયના ખૂણામાં સામાયિક કરતા જોયો. ખુશ થયા, પૂછયું. **કિશોરે કહ્યું, "મહારાજ સાહેબ ! મારે થાય એટલા ઘણા સામાયિક કરવા છે !"** વાત એ હતી કે શિબિરમાં વધુ સામાયિક કોણ કરે એની સ્પર્ધા હતી. આ રજનીને વધુ કરવાની ભાવના થઈ ગઈ. અજાણ્યો હતો - શુભ ભાવના જાણી યોગ્યતા પારખી લીધી ! એને વાત્સલ્યપૂર્વક આરાધનામાં જોડતા ગયા.

**આરાધના વધતા એ કિશોરને દીક્ષાની ભાવના થઈ** ! ધામધૂમથી પરિવારે આપી ! અને એ બની ગયા પૂ. મુનિ રત્નસુંદરવિજય મ. સા. પછી તો આ હીરાને પૂ. શ્રીએ પાસા પાડવા માંડયા ! સ્વાધ્યાય આદિ સાધનામાં લગાવી દીધા. અને **શ્રી જિનશાસનને એક મહાન શાસન પ્રભાવક આચાર્ય શ્રી વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા. ની ભેટ ધરી દીધી** !!! પછી તો એમના પગલે એમના સંસારી પિતાશ્રી, બીજા સગા અને અનેક ભવ્યાત્મા સાધુ અને આરાધક શ્રાવક બની ગયા. આજે તો એ જિનશાસનની જબ્બર પ્રભાવના કરી રહ્યા છે !!! હે ધર્મરાગી શ્રાવકજી ! તમારા ઘરે કોઈ ભારે પુણ્યે આવો દીપક આવી ગયો હોય તો એને સાધુ કે શ્રાવક બનાવી એનું, તમારું અને અનેકનું કલ્યાણ કરશો ને ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૨.શંખેશ્વર પાર્શ્વનાથે હેમખેમ પહોંચાડ્યા !!

આશરે ૭૨ વર્ષ પહેલાં વઢવાણથી લક્ષ્મીચંદ ગુલાબચંદ પરિવારના ૪ જણ સાથે શંખેશ્વર યાત્રાએ ગયા. રસ્તામાં હારિજમાં ડોસાભાઈને ત્યાં ઉતર્યા. એમણે શંખેશ્વર પહોંચાડવા એક બળદનો એક્કો કરી આપ્યો. સમયસર નીકળ્યા જેથી અજવાળામાં શંખેશ્વર પહોંચાય. રસ્તાનો અજાણ એક્કા વાળો પૂછી પૂછી જતો હતો. પણ પાપોદયે ભૂલો પડયો. ૭ વાગ્યા, રાત પડી, કોઈ મળતું નથી. છતાં આગળ વધી રહ્યા છે. ૮ વાગ્યા. રેતો (ઘણી રેતીના દળ) આવી ગયો. ફસાયા. બળદ ચાલી શકતા નથી. અંધારૂં ઘનઘોર થઈ ગયું હતું. મોટાઓએ નિર્ણય કર્યો કે હવે કોઈ ઉપાય નથી. અહીંજ સૂઈ જઈએ. સવારે વાત. બધા નવકાર ગણવા માંડયા. **નવકાર પ્રતાપે સામે દૂર ત્રણ બત્તી થઈ** !!! તારાની શંકા પડી, પણ વિચારતા લાગ્યું કે કદાચ સ્ટેશન હોય. આશાએ એક્કાવાળાને કહ્યું કે આ ઝબકારાની દિશામાં ગાડું હંકાર. સ્ટેશને સૂઈ જઈશું. ગયા. નાના મકાનો આવ્યા. બહાર સૂતેલા ડોસાને પૂછતાં તે કહે "શંખેશ્વર છે." નિરાંત થઈ. ધર્મશાળે પહોંચ્યા. માંગલિક થયેલુ. દેરાસરના બહારથી દર્શન કરી સૂતા.

કલિકાલમાં ઘણાને ચમત્કાર દેખાડનાર આ શંખેશ્વરની શ્રધ્ધાપૂર્વક ભાવથી વિધિ સહિત ભક્તિ કરી અને નવકારની સાધના કરી હે શ્રાવકો ! તમે તમારૂં આત્મહિત કરો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૩.વિદ્યાર્થી ધર્મી

૫૫ વર્ષ પૂર્વે મુંબઈના અતિ ધનાઢય રાવબહાદુર પ્રતાપશીભાઈના પુત્ર કાંતિભાઈનો ઈન્દ્રવદન સેંટઝેવિયર્સ સ્કૂલમાં ભણતો. **વનસ્પતિમાં જીવ છે એવું મુનિરાજોના સત્સંગ થી જાણ્યા બાદ પી.ટી. ના પીરીયડમાં બેન્ચ નીચે સંતાઈ જાય** ! કારણ ઘાસ પર જ રમતો રમાય. જ્યારે પી.ટી. ના વર્ગ વખતે સર ને ખબર પડે કે ઈન્દ્રવદન આવ્યો નથી, ત્યારે ત્રણચાર છોકરાઓને મોકલી ટાંગાટોળીથી બોલાવી તેને નીચે ઘાસમાં મુકે ત્યારે તેના શરીરે કંપારી છૂટી જતી કે આ જીવોનું શું થતું હશે !!!

તે સ્કૂલે મોટુ તિલક કરીને જતો અને ઉકાળેલા પાણીની વોટરબેગ લઈ જતો ! અને **બર્થડેમાં મળતા રૂા. ૧૦૦ ના લાડુ લઈને ગરીબોને વહેંચી આવતો** ! અને મમ્મી છાપાની પસ્તી વેચીને પૈસા રાખે તો તે પડાવી ને તેની મીઠાઈ અને કેરીની સીઝનમાં કેરી લાવીને ગરીબોને વહેંચી આવતો. પછીથી આ ઈન્દ્રવદન આજના શાસન પ્રભાવક પૂજ્યપાદ **પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી બન્યા** જે ઘણા વર્ષોથી જોરદાર શાસન પ્રભાવના કરી રહ્યા છે! હે જૈનો ! તમે પણ તમારા લાડકા સંતાનોને ધર્મના સંસ્કારો આપશો ને ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧૪. પ્રવચનની મોહિની

"પૂ. આચાર્યશ્રી ! આપની ભાવના બહુ સારી છે. પરંતુ અત્યારે ઘણા જૈનો ધંધા, નોકરીમાં મુસીબતમાં છે. ઘણાને સંસારમાં જાતજાતના ટેન્શન છે. અને આ અમદાવાદ છે. દશ હજાર રૂા. પણ નહીં થાય. હમણાં સાધર્મિક ભક્તિની યોજના રહેવા દો." પરિચિત સારા શ્રાવકોએ પૂ. આ. શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મ. ને વિનમ્ર વિનંતી કરી. પૂ. શ્રી એ કહ્યું, "પુણ્યશાળી ! તમારી વાત તો સાચી છે. પરંતુ **મારા જૈનો ઘણા દુઃખી છે. મારાથી એમના દુઃખ જોવાતા નથી** ! આ પ્રેરણા કર્યા વિના હું રહી નહિ શકું !! ભલે રકમ જે થાય તે પ્રભુની મરજી."

અને એમણે ગદ્ગદ્ હૈયે પ્રવચનમાં જૈનોની **આજની ભયંકર બેહાલી, સાધર્મિક ભક્તિની તાતી જરૂરિયાત વગેરે વિષય એમની પોતાની આગવી શૈલીથી વર્ણવી સભાને ભાવવિભોર કરી દીધી !!! ત્યારે જ કરોડોનું ફંડ થઈ ગયું** !!! પછી તો કુલ આશરે ૭ કરોડથી વધુ રકમ થઈ !!! અમદાવાદમાં અને મંદીના સમયમાં તથા સાધર્મિક ભક્તિ માટે આટલા ભેગા થાય ? અસંભવ લાગે, પરંતુ હૈયાના સાચા ઉદ્ગાર, પ્રબળ પુણ્ય અને વિશિષ્ટ શૈલીથી કેવી અશક્ય બાબતો કયારેક બની જાય છે, એનું આ તાજું વર્તમાન દૃષ્ટાંત છે ! સલાહ આપનારા મોંમાં આંગળા નાંખી ગયા !!



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ પ્રસંગનો બોધપાઠ એ છે કે શુભ કાર્યમાં હતાશ ન થવું. **ઉત્સાહથી ધર્મકાર્ય જરૂર કરવા.** સફળતા મળે પણ ખરી. વળી કોઈ ધર્મી સારા કામ કરવા ઉત્સાહિત હોય તો એ ઉત્સાહને વધારવો. ક્યારેય ઘટાડવો નહીં. પરિણામ તો કેવળી જુવે તે જ આવશે. ઉપરાંતમાં આવા પરોપકારપ્રિય મહાપુરુષો જે પ્રેરણા કરે તે ધ્યાનથી સાંભળવી અને યથાશક્તિ એનો અમલ કરવાથી ઘણું આત્મહિત થાય ! અને સૌથી મહત્ત્વની વાત ધર્મક્ષેત્રમાં એ છે કે **કદાચ સફળતા ન મળે તો પણ શુભ ભાવનાને કરણે આત્મિક લાભો તો ચોક્કસ થાય જ !!!**

## ૧૫.કાન્તિભાઈની ધર્મ કાન્તિ

માટુંગાના કાન્તિભાઈ પાસે એક શ્રાવકને એક કામ માટે મોકલ્યા. બીજે દિવસે એ ભાઈ કહે, "સાહેબજી ! તમે ખૂબ સુંદર લાભ આપ્યો. **કાન્તિભાઈને મળી તેમની ધર્મભાવના જાણી આનંદ આનંદ થઈ ગયો** ! કલાક એક વાતો કરી, એકલા ધર્મની મજેની વાતો. વચ્ચે બીજા મળવા આવેલા. પણ કાન્તિભાઈ એ એમને બેસાડી રાખ્યા ! મારી સાથે ધર્મની વાતોમાં બીજી કોઈ ચિંતા નહી."

કાન્તિભાઈ વંદને આવે ત્યારે મારી સાથે પણ ધાર્મિક વાતોમાં કલાકેક બેસી જાય. એમને ધર્મની એવી લગની લાગી છે કે જાણીતો કે અજાણ્યો મળે એટલે ધર્મની વાતો કર્યા જ કરે ! પોતે ગૃહમંદિર નિર્માણ કર્યું છે. **રોજ ભાવથી ભક્તિ કરે છે. પોતે લગ્ન પણ કર્યા નથી !!!**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પર્યુષણ કરાવવા દર વર્ષે જાય છે. એ સંઘમાં પણ પોતે ધાર્મિક વસ્તુઓ વગેરેની ઘરે ઘરે પ્રભાવના કરે ! **એક જ તમન્ના કે મારા પ્રભુનો ધર્મ કેમ બધાના ઘરમાં શરૂ થઈ જાય**. ધર્મ માટે ધન પાણીની જેમ વાપરે ! પર્યુષણમાં સાથે જનારા પણ એમના દિલની ધર્મભાવના જોઈ ખુશ ખુશ થઈ જાય !

જ્ઞાનની પણ એમને જબરી તાલાવેલી. પ્રવચન શ્રવણ લગભગ કરે. **સાંભળતા ભાવતુ ભોજન કરતા હોય તેથી વધુ ખુશ થાય**. સારા પુસ્તકો પણ વાંચે અને અનેક **જૈનો વાંચી આત્મહિત કરે એવા પ્રયત્નો કર્યા** કરે ! એ માટે પણ ઘણો પૈસો ખરચે !

**ધર્મીઓની આરાધનાની વાતો જોઈ જાણી નાચે** ! એ વાતો દિલથી અન્યોને કરતા ગદ્‌ગદ્‌ થઈ જાય !!! અત્યંત અનુમોદના કરે. વાતો કરતાં ધંધો, સંસાર, કામકાજ બધુ ભૂલી જાય, કોઈનું પણ દુઃખ જાણે કે તરત કાંઈક ને કાંઈક કરવા હૈયુ ઉછળે !

તમને પણ આવા કોઈ ભાવધર્મી ભેટી જાય તો બે ઘડી સંસારને બાજૂએ મૂકી દેજો. આ પણ આસ્વાદ જરૂર માણજો. કલ્યાણ થઈ જશે. **આવા ધર્મીઓને તો શોધવા નીકળવું જોઈએ, અને પુણ્યોદયે મળી જાય તો ખૂબ લાભ લઈ લેવો જોઈએ**. સમજી લેજો કે દુઃખ બધા ભાગી જવાના અને સુખના સાગર આવી મળવાના ! આવા સાધુ અને શ્રાવકોનો સત્સંગ એ પણ જીવનનો લહાવો છે ! જરૂર લેજો. એમના દર્શનથી પણ જીવન ધન્ય બની જશે !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૧૬.ગોખે તેને આવડે

પક્ખી પ્રતિક્રમણ અમદાવાદમાં દેવકીનંદન સંઘમાં ચાલતું હતું. પૂ. આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિ મ. સાહેબે સંઘને પ્રેરણા કરી કે આવો આરાધક સંઘ છતાં કોઈને અતિચાર ન આવડે એ શોભાસ્પદ છે ? આ વાત તેમણે પ્રવચનમાં ખૂબ સારી રીતે સમજાવી.. એક શ્રાવકને ઉલ્લાસ વધી ગયો અને જાહેર કર્યું કે અતિચાર ગોખશે તેમને મારા તરફથી સોનાની ચેન ભેટ આપીશ. (આશરે રૂ. ૧૫૦૦ ની થાય) ટ્રસ્ટીઓ સંમત થયા. સંઘે વિચારી યોજના જાહેર કરી કે જે **૧૦ દિવસમાં અતિચાર ગોખી આપે તેમનું ચેનથી બહુમાન કરવામાં આવશે**. શ્રોતાઓ, બાળકો, બહેનો થઈ ૭૨ ભાવિક તૈયાર થઈ ગયા. આ મજાની વાત સાંભળી ઓપેરા પાઠશાળાના ધર્મરાગી અધ્યાપક શ્રી શશિકાન્તભાઈ રોજ ૧ કલાક માનદ સેવાથી અતિચાર શીખવવા તૈયાર થઈ ગયા ! ઓપેરા પાઠશાળાના ૬ વિદ્યાર્થી પણ રીવીઝન વગેરે કરાવતા !

સંઘમાં જ્ઞાનયજ્ઞ શરૂ થઈ ગયો. ચારેબાજુ અતિચાર શીખવાની જ વાતો શરૂ થઈ ગઈ. વર્ષો સુધી રોજ પ્રતિક્રમણ કરનારને સાત લાખ પણ આવડતા નથી. તો માત્ર ૧૦ દિવસ માં અતિચાર આવડે ? આજે તો ઘણા આરાધકોની આ ફરિયાદ છે કે **મહેનત કરવા છતાં અમને યાદ રહેતું નથી**. પરંતુ આ દ્રષ્ટાંત વાંચતા તમને પણ ચોક્કસ થશે કે જો જ્ઞાનપ્રેમી ગોખે તો જરૂર આવડે !!

આ ઘટના ૩-૪ વર્ષમાં બનેલી તદ્દન સાચી છે. ભાવિકોએ જોરદાર મહેનત કરવા માંડી, અને મોટુ આશ્ચર્ય બની ગયું કે અગીયારમે દિવસે **પરીક્ષામાં**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**૭૨ માંથી ૪૪ પાસ થઈ ગયા !! ૪૪ નું ઉદારદિલ** જ્ઞાનરાગી તરફથી સંઘે ચેનથી બહુમાન કર્યું. સંઘે જ્ઞાનપ્રેમી શિક્ષકનું પણ અષ્ટપ્રકારી પૂજાના ચાંદીના ઉપકરણથી બહુમાન કર્યું.

બાકીના ૨૮ ને પૂરા ન આવડયા. છતાં મહેનતને કારણે તેઓ પણ ૧૦ દિવસમાં વધારે ઓછા અતિચાર તો શીખી ગયા. તેઓ પણ **૫-૨૫ દિવસ વધુ મહેનત કરે તો તેમને પણ પૂરા આવડી જાય !**

આ અનોખો કિસ્સો આપણને ઘણી બધી સમજ આપે છે. આજે ઘણા બહેનો પણ માને છે કે મોટર ડ્રાઈવીંગ તો આવડવું જ જોઈએ અને એટલે જ ઘણી સ્ત્રીઓ પણ ડ્રાઈવીંગ શીખી જ લે છે. પરંતુ ખેદની વાત છે કે **આપણા ધર્મી જૈનો પણ પાંચ પ્રતિક્રમણ તો શીખી જ લેવા જોઈએ એ ખરેખર માનતા જ નથી !** વળી કેટલાક મહેનત તો કરે છે પરંતુ ધ્યાનથી વિધિપૂર્વક ગોખતા નથી., તેથી યાદ કરતા વાર લાગે અને એ ભાગ્યશાળી કંટાળી જાય ! હે ધર્મપ્રેમી ! વિચાર કરો કે માસતુષ મુનિને તો એક શબ્દ ૬ મહિને પણ ન આવડયો ! છતાં ચોટી બાંધી લગાતાર ૧૨ વર્ષ ઉત્સાહથી ગોખે રાખ્યું. તો કેવળજ્ઞાન મળી ગયું !!! **તમે પણ નિર્ધાર કરો કે ગોખવાથી આવડશે; આઠે કર્મ શુભ બંધાશે અને કેવળજ્ઞાન વગેરે આત્મિક લાભ તો ચોક્કસ થશે જ.** વાત બેઠી ? તો નિયમ લો કે રોજ અમુક કલાક શ્રદ્ધાથી તલ્લીનતા પૂર્વક અને વિધિપૂર્વક ગોખવા, વાંચવા વગેરે જ્ઞાનની સાધના હું કરીશ જ. છેવટે રવિવાર વગેરે રજાને દિવસે તો ગોખવું જ જોઈએ. કરો કંકુના, સિદ્ધિ હાથવેંત માં છે જ !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૧૭.જિનશાસનની ક્રિયા પણ હિત કરે

સાધુ જીવનમાં રોજ બે વાર પડિલેહણ કરવાનું પરમાત્માએ બતાવ્યું છે તે કેટલું બધુ મહત્ત્વનું છે તેનો જેને અનુભવ થાય તેનું પરમાત્મા આગળ મસ્તક ઝૂક્યા વિના રહે નહિ ! આવા કરૂણાનિધિ પરમાત્માનું શાસન કેવું હિતકર છે તે સમજાય. એક દિવસ એક મહાત્મા બપોરે વડિલશ્રીનું **પડિલેહણ કરવા ગયા.** આસનનું પડિલેહણ કરતાં તેમાં ઉનના નાના પીસ (કટકા) જેવું લાગ્યું. માટે બારીકાઈથી જોયું તો કાંઈક જીવાત જેવું લાગ્યું. તેથી ધ્યાનથી જોયું તો **નાનો કાનખજુરો આસનમાં હતો !** જયણા કરી ! વડિલશ્રી બચી ગયા !!! અને પરમાત્માના શાસન પ્રત્યે અહોભાવ ઘણો વધી ગયો. અનંત વંદના હો આ જિનશાસનને જેણે રોજ અહિંસામય બે વાર પડિલેહણની ક્રિયા બતાવી છે !! આ સુંદર પ્રતિલેખન બીજા કોઈ ધર્મમાં બતાવ્યું નથી ! **સર્વજ્ઞે બતાવેલી સઘળી ધર્મક્રિયા સ્વપરહિત કરે છે !!**

## ૧૮.આયંબિલથી ડાયાબીટીસ મટ્યું

ભરતભાઈ **અંધેરીમાં રહે છે. ડાયાબીટીસ** કાયમ ૩૬૫ થી ૩૮૫ રહેતું. હાઈ **બ્લેડપ્રેશર** પણ ૧૮૦ થી ૨૧૦ રહેતું હતું. ૪ વર્ષથી દવા રોજ લેવી પડતી. ડોક્ટરે કહેલું કે જીંદગીભર રહેશે અને દવા રોજ લેશો તો જ કંટ્રોલમાં રહેશે. **શ્રી નવપદજીની અને વર્ધમાન તપની ઓળી કરવા માંડી ! સારૂ** થઈ ગયું !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ડાયાબીટીસ અને પ્રેશર બંને નોર્મલ થઈ ગયા ! દવા બંધ કરી. ચારેક વર્ષ થઈ ગયા. કોઈ તકલીફ નથી. પછી તો ધર્મપ્રેમી આ ભરતભાઈ એ ધર્મચક્ર, વીશ સ્થાનક તપ, અઠ્ઠાઈ વગેરે તપ ખૂબ સારી રીતે કર્યા. દવા તો ૪ વર્ષથી સંપૂર્ણ બંધ કરી છે. આ સત્ય દૃષ્ટાંત વાંચી તમને આપણા શ્રેષ્ઠ ધર્મમાં શ્રદ્ધા થઈ ? તો પૂજા વગેરે ધર્મ ખૂબ ભાવથી કરી આત્મિક સુખશાંતિ મેળવો.

## ૧૯. ઘેટીની પાગે ભક્તિ

મુંબઈ જુહુના જગુભાઈનો જોરદાર ભક્તિભાવ જાણી તમે પણ ભાવવિભોર થઈ જશો. એમની ભક્તિ જોઈ બધા એમને દાદા જ કહે છે ! શ્રી શત્રુંજયની નવાણું યાત્રા કરતા તેમણે ૧૩ વર્ષ પહેલાં પોતાનું રસોડું ઘેટીની પાગ પાસે કર્યું. ત્યાં એકાસણું કરી શાંતિથી ભક્તિથી નવાણું યાત્રા કરતા ! આમ કરતાં તેઓને ભાવના થઈ કે **સાધુ સાધ્વી ભગવંતો પણ નવાણુ કરે છે. તેમનો લાભ મળે તો અહોભાગ્ય**. વિનંતી કરવા માંડી. ક્યારેક લાભ મળવા માંડયો. ખુશ થઈ ગયા. પછી ૯૯ યાત્રા કરનારા **શ્રાવકોનો લાભ લેવાનો ભાવ થયો**. ઘેટીની પાગની બહાર જમવા વગેરેની કોઈ સગવડતા નથી. તેથી નવાણું કરવાવાળાને પાલીતાણા તળેટી બાજુ ઉતરે તો જ એકાસણું થાય. શ્રાવકોને વિનંતી કરવા માંડી. લાભ મળવા માંડયો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લગભગ બાર વર્ષથી તે ફાગણ સુદ તેરસ સુધી ઘેટીની પાગ પાસે રહે છે. અને રોજ તપસ્વી, વર્ષીતપવાળા વગેરે શ્રાવક-શ્રાવિકાનો પણ લાભ લે છે !! ધર્મપત્ની ૭૫ વર્ષના છે. તે પણ આ વૃદ્ધ ઉંમરે **ખૂબ સુખી હોવા છતાં બધાની જાતે રસોઈ કરવી વગેરે લાભ ઉલ્લાસથી લે છે !!** થોડા વર્ષ પછી તો આ જગુદાદાએ ત્યાં પોતે જ ઘર બનાવી લીધું. જેથી તપસ્વીઓની બધી સગવડતા બરાબર સચવાય. સાધુ સાધ્વીને પણ **ત્યાં નિર્દોષ વહોરાવી ત્યાં જ વાપરવાની બધી અનુકૂળતા કરી આપે છે !!**

**આયંબિલ હોય તેમને તેની પણ રસોઈ કરી આપે છે !** આમની આવી ભાવભક્તિ જોઈ આજુબાજુની અજૈન વાડીવાળા વગેરે જગુદાદાને આગ્રહથી પોતાના ચીકુ વગેરે આપી જાય છે !

હે જૈનો ! તમે પણ યાત્રાળુ, તપસ્વી, નવાણું વાળા વગેરેનો યથાશક્તિ પાલીતાણા અને સર્વત્ર લાભ લેજો અને ક્યારેક **જગુદાદાની ભક્તિ પાલિતાણા જાવ ત્યારે સાક્ષાત્ જોઈ ભાવથી અનુમોદના કરજો.**

## ૨૦.ધર્મમાં વિઘ્ન કરવાના કડવા ફળ

અમદાવાદમાં આ લગભગ ૬ વર્ષ પહેલા બનેલી સત્ય ઘટના છે. ત્યાં **શ્રી કુંથુનાથ પ્રભુનું જિનાલય બંધાતુ હતું.** મહેતાજીએ દ્વેષથી જૈનેતરો પાસે ખોટી ચડવણી કરી ઉશ્કેરી સરકારમાં દેરાસરનો અમુક ભાગ ગેરકાયદેસર છે વગેરે અરજીઓ કરાવી. જૈન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંઘે સત્ય પુરાવાઓ થી બચાવ કર્યો અને દેરાસર બચી ગયું. **પરંતુ આ ભયંકર પાપનું ફળ મહેતાજીએ ભોગવવુ પડ્યું.** તેની તંદુરસ્ત મા કેન્સરથી મરી ગઈ ! **મહેતાજીને ખુદને મોઢામાં કેન્સર થયું** !!! (દેરાસર તોડવા ઘણા આગળ બોલેલો તેથી હોઈ શકે. જ્ઞાની જાણે) ઉંમર માત્ર ૩૨ વર્ષની હતી છતાં કેન્સરથી રીબાય છે ! એક જૈને પણ વિરોધમાં સાથ આપેલો તે કેન્સરથી ગુજરી ગયા ! એક જૈન ટ્રસ્ટીનો પુત્ર પણ વિરોધમાં પડેલો તેની પત્નીને હાડકાના કેન્સરમાં ઘણો ખર્ચ આવી પડયો ! તે આર્થિક, સામાજીક વિટંબણાઓથી બહુ દુઃખી થઈ ગયો ! સંઘના બીજા ટ્રસ્ટીએ મહેતાને સાથ આપ્યો. તેમની કેડ ભાંગી ગઈ ! જૈનેતરો પૈકીના મુખ્ય વિરોધીની પત્નીને લકવો થઈ ગયો ! હજી રીબાય છે. તેના નાના પુત્રની વહુ રીસાઈ પિયર જતી રહી. મંદિરના એક ટ્રસ્ટીને કેન્સર થઈ ગયુ ! બીજા પણ વિરોધી ઈતરોના પરિવારમાં મોત થયા. મ્યુનિસીપાલિટી ઈન્સ્પેક્ટર જૈન હતો. પરંતુ દેરાસર નો પક્ષ ન લીધો, તેથી લકવો થઈ ગયો ! બધાના નામ અહીં લખ્યા નથી..

આ ઘટનાથી દરેક જૈને એ નિર્ણય કરવો કે કદાચ ધર્મ ઓછો થાય તો પણ કદિ પણ દેરાસર, ઉપાશ્રય, સંઘ, સાધુ, ધર્મ વગેરેનો જરા પણ વિરોધ ન કરવો ! ઉંઘમાં ય ન કરવો. પુણ્યશાળી ! ઝેરનાં પારખા ન હોય, એમ પુણ્ય પાપ વગેરે અદૃશ્ય છે છતાં માનવા જ જોઈએ. ભાઈ ! વિરોધ તો પાપ, કષાયો, ખોટા કામનો જ કરવાનો હોય ને ? ધર્મ યથાશક્તિ કરો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨૧.શ્રાવિકાની પુત્ર માટે ભાવના

ખંભાતના શ્રાવિકા લખે છે, **"મારા ૨ પુત્ર છે, બન્નેને ભાવના પેદા કરી સાધુ બનાવવા છે !!"** છેવટે એવી ઝંખના છે કે એક તો દીક્ષા લે ! મારા પતિ ધર્મ કરતા નથી. તે દીક્ષા માટે અંતરાય ન કરે માટે મારે ધીરે ધીરે તેમને ધર્મી બનાવવા છે અને પ્રભુને આ માટે રોજ પ્રાર્થના કરૂ છુ !! આ શ્રાવિકાએ સુપુત્રોને સાધુ બનાવવા ધાર્મિક સંસ્કાર ઘણા જ આપ્યા છે ! બન્નેને પાંચ. પ્રતિક્રમણ કરાવી જીવ વિચાર, નવ તત્ત્વ વગેરે ભણાવે છે ! રોજ પાઠશાળામાં મોકલે ! ચોવિહાર, નવકારશી કરાવે. રોજ પૂજા અને રજાના દિવસે અષ્ટપ્રકારી પૂજા કરાવે.. તમે જૈન તરીકે શુ ઈચ્છો ? સંતાનોને સાધુ કે શ્રાવક બનાવવા કે ડૉક્ટર બનાવવા ? એ નક્કી માનજો કે ધર્મી બનશે તો બધાને સુખી બનાવશે.. ડૉક્ટર બનશે તો કદાચ બધાને રડાવશે. આ વાતનું ખૂબ જ ચિંતન કરજો અને સંતાન, તમે અને સર્વે સુખી કેમ બને તે શોધી કાઢજો..

ધર્મથી આલોક ઉપરાંત પરલોક વગેરેમાં પણ **આત્મિક સુખશાંતિ અવશ્ય મળે છે !**

## ૨૨.સંઘપતિ આદરથી રોગનાશ

લગભગ ૭૦ વર્ષ પહેલાની આ સત્ય ઘટના છે. શ્રેષ્ઠી નગીનદાસભાઈએ પાટણથી શ્રી ભદ્રેશ્વર તીર્થનો સંઘ કાઢયો. રસ્તામાં એક ગામના એક



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રાવકે સંઘપતિને આગ્રહ કર્યો કે મારા ઘરે પધારો. સંઘપતિ નગીનદાસભાઈએ કહ્યું કે સમય નથી.. સંઘ ખોટી થાય છે. પણ શ્રાવકે અતિ આગ્રહ કરતાં કહ્યું કે ૨ મિનિટ માટે પણ આવવું જ પડશે. પૂર્વના અતિ શ્રીમંતો પણ દાક્ષિણ્ય ગુણવાળા હતા. **સંઘપતિ એમની ભાવના પૂર્ણ કરવા ગયા.** સંઘપતિને તે સામાન્ય શ્રાવકે દૂધ પીવા આપ્યું. પછી સંઘપતિ ગયા. વધેલું દૂધ અતિ શ્રધ્ધાથી તે શ્રાવકે પીધું ! ચમત્કાર થયો, શ્રાવકનો રોગ નાશ પામી ગયો. એ શ્રાવકને ઘણા વખતથી રોગ હતો કે ખાધેલું ટકે નહી. **તેને શ્રધ્ધા કે જ્ઞાનીઓ સંઘપતિને તીર્થંકર પદવી પણ મળે એમ કહે છે.** તેથી આ નગીનદાસભાઈનાં પીધેલાં ગ્લાસ પ્રસાદી માની હું પીશ તો રોગ મટશે. ખરેખર મટી ગયો ! **આદર-બહુમાનમાં આવા અદ્‌ભૂત ચમત્કાર સર્જવાની અચિંત્ય શક્તિ છે.**

ખાસ મારે એ ધ્યાન દોરવું છે કે સંઘ અને સંઘવી નું શાસ્ત્રોમાં ઘણું મહત્ત્વ બતાવ્યું છે. ધનવાનો ધર્મમાં ધનનો સદ્‌વ્યય કરે તો તમને તે દાનવીરો પ્રત્યે આદર જાગે છે કે ઈર્ષ્યા, નિંદા ? કેટલાક લોકો દાતા ધર્મી પૈસાવાળાની નિંદા કરે છે. પણ ખરેખર તો એ શ્રીમંતોને દાન વગેરે ધર્મકાર્યોમાં જે ધર્મબુધ્ધિ હોય છે અને ધન પણ નીતિ પૂર્વક મેળવેલું હોય એ અનુમોદનીય છે. હે ધર્મપ્રેમીઓ ! **મફતમાં મળતી આ અનુમોદનાનો લાભ ગુમાવી નિંદા વગેરે ના ખોટા પાપથી લાખો યોજન દૂર રહેવું.**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ૨૩.સિધ્ધચક્રની સિધ્ધિ

અમે ઈડર (ગુજરાત) ચાતુર્માસમાં ૧૯૮૫ માં સ્વમુખે સાંભળેલ કિસ્સો છે કે વડાલી નિવાસી પોપટલાલ કાલીદાસ જેમને ચાર વર્ષ પૂર્વ ગળામાં કેન્સરનો રોગ થયેલ. અનેક મોટા ડૉ. ને બતાવ્યુ, છેવટે મુંબઈ ટાટા હોસ્પીટલમાં બતાવ્યું. તેઓએ ત્રણ વખત ત્યાં બોલાવ્યા. રીપોર્ટ કાઢયા. નિદાન આવ્યું કે તેઓ વધુ જીવી નહી શકે. ખવાતું પણ ન હતું. ત્યારે તેમના ધર્મપત્નીએ કહ્યું, "હવે જવાનું જ છે તો **સિધ્ધચક્ર અને નવકાર મંત્રના ધ્યાનમાં બેસો** અને આજથી જ નક્કી કરીએ કે સારૂ થઈ જાય તો **દર સાલ આસો ચૈત્રમાસની આયંબીલ ઓળી ઈડરમાં પારણા સાથે કરાવવાની** અને એક પૂજન ભણાવવાનું. ૧ મહિનામાં સારૂ થયું !!! ફરી ડૉ. ને બતાવ્યું તો તે પણ આશ્ચર્યમાં પડી ગયા. આજે પણ ઉપરની આરાધનાઓ ચાલુ છે. અને ધર્મમાં પણ સારો એવો ખર્ચો કરે છે. તેમણે ચાર લાખ રૂા. નું **ગૃહમંદિર બનાવેલ છે**. અને મંદિરનો બધો ખર્ચ તે ભાઈ જ આપે છે ! સંઘનો એક પૈસો લેતા નથી. દહેરાસર સંઘને અર્પણ કરેલ છે. ખૂબ જ ભાવિક છે. હાલ ઈડરમાં રહે છે. (પ્રેષક : એક સાધુ ભગવંત)



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨૪.મારે ઉપવાસ કરવો જ છે

"મહારાજ સાહેબ ! આજે ઉપવાસ કરવો છે ! પહેલા કદિ કર્યો નથી." મેં તે ટેણિયાને પૂછયું, "વિનીત થશે ? પછી ભૂખ લાગશે તો ?" વિનીતે કહ્યું, "મ. સા. ! થશે જ. મારે કરવો છે." તેની મમ્મી એ કહ્યું કે હું વીશસ્થાનક ના ઉપવાસ કરું છું. તેથી આને પણ ઉપવાસ કરવાનું મન થયું છે. એની દઢ ઈચ્છા અને તેની મમ્મી એ હા પાડી એટલે બોરીવલીના વિનીતને ઉપવાસ કરાવ્યો. સારો થઈ ગયો. જેમ સંસારી જીવોને બીજાના મોટર વગેરે જોઈ મન થઈ જાય છે એમ આજે કેટલાક ધર્મી મોટા અને બાળકો ને પણ બીજાના તપ વગેરે જોઈ ધર્મ કરવાની ભાવના થાય છે !! સંસ્કાર અને ધર્મરૂચિથી પુણ્યશાળીને ઈચ્છા થતી હોય છે.

શક્તિ પ્રમાણે એ ધર્મ કરાવવો જોઈએ. ખોટું ડરવાની જરૂર નથી. બહુ નાનો હોય તો પહેલા એકાસણું, આંબેલ કરાવી પછી કરાવાય. બીજું, ઘણા મોટા એવા છે કે જેમણે કદિ આયંબિલ, ઉપવાસ કર્યા જ નથી. તેમણે વિચારવું કે તપ ધર્મના પ્રભુએ ઘણા ગુણગાન ગાયા છે. તેથી મારે કરવો જ જોઈએ. વળી, આજે તો ઘણા બાળકો પણ અઠ્ઠાઈ, ઓળી, ઉપધાન વગેરે કરે જ છે તો મારાથી કેમ ન થાય ? એમ હિંમત રાખી ટેવ પાડતા ઉપવાસ વગેરે યથાશક્તિ તપ બધા એ કરી પ્રભુએ ખુદ કરેલા તપ ધર્મની પણ સાધના કરવી જોઈએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨૫.તીર્થની આશાતના તજો

વઢવાણ માં જીવણભાઈ અબજીભાઈ ધર્મીષ્ઠ, સુખી, પ્રતિષ્ઠિત હતા. તેમના સુપુત્ર રતિભાઈ પાલીતાણામાં સ્વદ્રવ્યથી ગિરિવિહાર ધર્મશાળા બંધાવતા ખૂબ જયણા પાળતા. ૬ માસ રોકાયેલા ! પાણી બધું ગળાયા પછી જ વપરાય તે જાતે દેખરેખ રાખતા. તેમને પેશાબની તકલીફ. તેથી આશાતના થી બચવા યાત્રા કરતા ન હતા. પણ ઘણાએ કહ્યું, "રતિભાઈ ! પાલીતાણામાં હોવા છતાં યાત્રાનો લાભ ગુમાવો છો. એક વાર દાદાની પૂજા કરી આવો." રતિભાઈ ને પણ ઉલ્લાસ આવી ગયો. હિંમત થી ચડવા માંડયું. પણ પહેલાં હડે પહોંચ્યા અને પેશાબની શંકા થઈ. રોકાશે નહીં એમ લાગતાં આ અનાદિ પવિત્ર શાશ્વત ગિરિની આશાતનાના ઘોર પાપથી બચવા નિર્ણય કર્યો. ઉપાય વિચારી એકાંતમાં જઈ પોતાના કપડા પર કામ પતાર્વા, એક ટીપું પણ ન પડે તેમ કાળજી રાખી નીચે ઉતરી ગયા !!! લાખ લાખ ધન્યવાદ તેમની દૃઢ શ્રધ્ધાને ! ઘણી મમ્મીઓ દિવાનખંડને બાબલાના પેશાબથી બચાવે છે, પરંતુ ગિરિરાજની આશાતનાથી કેટલા બચે ?

હે જિનભક્તો ! તારક પ્રભુ ભક્તિ ખૂબ કરવા સાથે મોટી અને નાની સઘળી આશાતનાથી બચો. એના કડવા વિપાક તમને લોહીના આંસુ પડાવશે. તીર્થોમાં જુગાર, વિષયવાસના, અભક્ષ્ય, અનંતકાય, ગિરિરાજ પર ખાવું-પીવું-પેશાબ આદિ ઘોર આશાતના કદિ કરશો નહીં.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## ૨૬.જિનશાસનના ઝગમગતા સિતારા !

**(અ) ધર્મીને ગેબી સહાય :-** મહેન્દ્રભાઈ મરીન ડ્રાઈવ વાળાની આ સત્ય ઘટના લગભગ ત્રીસ વર્ષ પૂર્વેની છે. એક દિવસ આખા શરીરે લકવો થઈ ગયો. પાંચ કુંવારી પુત્રીનો વિચાર આવતા ટેન્શનમાં પડી ગયા. જીવનમાં કરેલા **ધર્મ પ્રભાવે ૪-૫ દિવસ પછી રાત્રે સ્વપ્ન આવ્યું** ! ખેડૂતે કહ્યું કે અજાહરા પાર્શ્વનાથની યાત્રા કરો. ચોક્કસ મટી જશે. સ્વપ્ન પછી ઊઠી પ્રભુનું ધ્યાન કર્યુ ! ઘરનાને સવારે કહ્યું. અજાહરા ક્યાં એ કોઈને ખબર ન હતી. ઘણાં ને પૂછી શોધી ઉના પાસે આવેલ અજારા તીર્થે સપરિવાર જઈ **દર્શન પૂજા કરતાં સ્તવનમાં ભાવવિભોર બની ગયા અને લકવો ગાયબ** !!! આવો પ્રભાવક ધર્મ તમે ભાવથી ખૂબ કરો તો દુ:ખોય ભાગી જાય અને અદકેરા સુખો પગમાં આળોટે !!!

**(બ) જાપથી કેન્સર મટયું :-** સૂરત નાનપુરા અઠવા ગેટના શ્રધ્ધાળુ શ્રાવિકા બહેનનું જિનમતિ ઉપનામ રાખી આ સત્યપ્રસંગને માણીયે. સંવત ૫૫ આસપાસ છાતીમાં જમણી બાજુ ગાંઠ થઈ. **બાયોપ્સીથી સ્તન કેન્સરનું નિદાન થયું**. ડૉ. ની દવા શરૂ કરી, રિએકશન આવ્યું. ખોરાક ઘટતો ગયો. નબળાઈ વધતી ચાલી. સદ્ગુરૂને પૂછી **"નમો જિણાણં, જિયભયાણં" નો જાપ, સ્નાત્રજળનો પ્રયોગ વગેરે શ્રધ્ધાથી શરૂ કર્યા**. ધર્મ પ્રભાવે પછી સોનોગ્રાફીમાં કેન્સર અટકી ગયું છે એ જાણ્યું, સંતિકરં સિધ્ધ કરેલા શ્રાવકે ૨૧ દિવસ ૨૧ વાર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંતિકરં સંભળાવ્યુ. તેથી થયેલ ફાયદા એ શ્રાવિકાના શબ્દો માં વાંચો :- **"ધર્મ પ્રભાવે ઉલટીઓ બિલકુલ બંધ થઈ ગઈ છે** ! ખોરાક બરોબર લેવાય છે ! શરીરમાંથી કાળાશ જતી રહી. બહુ સારું લાગે છે." પ્રસંગનો સાર એ છે કે છેવટે અસાધ્ય રોગોમાં પણ ધર્મને શરણે જવાથી પરલોક તો સુધરે જ અને અહીં પણ શાંતિ, પ્રસન્નતા, પુણ્યબંધ, દુઃખક્ષય વગેરે ઘણા લાભ થાય !

**(ક) માકુભાઈની ઉદારતા :-** અમદાવાદના ખૂબ શ્રીમંત હતા. એક દિવસ પાંજરાપોળના ટ્રસ્ટીઓએ મળીને વિનંતી કરી, "ભયંકર દુકાળ છે, પશુઓ માટે ખર્ચ ઘણો જ થઈ ગયો છે. પાંજરાપોળને રૂા. ૩૦,૦૦૦ નું દેવું થઈ ગયુ છે. **ફાળો કરવા નીકળ્યા છીએ. શરૂઆત તમારાથી કરીએ છીએ."** ઘણા વર્ષો પહેલાની આ વાત છે. ત્યારે ઘણી સોંઘવારી હતી. છતા ઉદારમનના શ્રેષ્ઠીવર્યે તરત લગ્નની વીંટી આપી દઈ કહ્યું, **"જીવદયાનો મને લાભ આપો. આ વીંટી રૂા. ૩૫,૦૦૦ ની છે."** ટ્રસ્ટીઓ જૈનની ઉદારતા જોઈ આશ્ચર્યથી આનંદિત થઈ ગયા.

**(ડ) દેરાસરની લગન :-** દેરાસર સાઠંબામાં હતું નહી. વર્ષો પહેલાની વાત છે. મગનભાઈને ભાવનાના પુર ઉમટયા કે દેરાસર મારા ગામમાં શીઘ્ર થવું જોઈએ. તેથી સંકલ્પ કર્યો કે **દેરાસર ન થાય ત્યાં સુધી હું રોજ ૩ દ્રવ્યથી એકાસણા કરીશ !** સાચી ભાવના ફળે જ છે. થોડા વખતમાં દેરાસર બની ગયું અને મગનભાઈને ખુદને દેરાસરની ધજા ચડાવવાનો લાભ મળ્યો !



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**(ચ) પ્રામાણિકતા :-** ભાવસારભાઈ વર્ષોથી હીરસૂરિ (મલાડ) ઉપાશ્રયમાં જ્ઞાનભંડારની માનદ સેવા આપે છે. એકવાર તે બેંકમાંથી હજાર રૂપિયા લેવા ગયા હતા. ગણતા ૧૦,૦૦૦ થયા. **૯ હજાર પાછા આપ્યા !!!** મારે અણહકની પાઈ ન જોઈએ. સામાન્ય સ્થિતિવાળાની આ પ્રામાણિકતા વાંચી તમે હવે સંકલ્પ કરો કે જીવનમાં ખૂબ પ્રામાણિક બનવું.

**(છ) અનીતિ નાની પણ નહીં :-** સાઠંબાના મગનભાઈની ગેરહાજરીમાં પુત્રે ધંધામાં ગ્રાહકનો વર્ષો પહેલા અડધો આનો વધુ લઈ લીધો હતો. દુકાને આવતા જાણ્યુ.. અનીતિની એક પાઈ પણ ન જોઈએ એ નિર્ધારવાળા મગનભાઈ ગ્રાહકને શોધવા નીકળ્યા ! ત્યારે ન મળ્યા. શોધ ચાલુ રાખી. ત્રીજે દિવસે ખોળી રકમ પાછી આપી ત્યારે જ ચેન પડ્યું ! અને **આ પાપ થઈ ગયું તેથી ત્રણ દિવસ આયંબિલ કર્યા** ! શાસ્ત્ર કહે છે કે નાની પણ અનીતિ ઘણીવાર બહુ ભયંકર દુઃખ આપે છે. તેથી હે વાચકો, ક્યારેય જરાપણ અનીતિ કરવી નહીં.

**(જ) જિનવાણીથી દિક્ષાર્થી :-** વઢવાણમાં રામસંગભાઈ રાજપૂત સાતે વ્યસને પૂર્ણ હતા. એક શ્રાવક મિત્ર એક દિવસ જિનવાણી સાંભળવા લઈ ગયા ! ગમી. વારંવાર સાંભળતા રોજ પૂજા, પ્રતિક્રમણ આદિ ધર્મ કરવા માંડયો ! સજોડે બ્રહ્મચર્ય વ્રત લઈ લીધું !! રાત્રે ઉપાશ્રયમાં રહે ! દીક્ષા લેવાની ભાવના થઈ, પણ પરિવાર કહે છે કે પુત્ર મોટો થઈ ઘર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંભાળી લે પછી લેજો. ચારેક વર્ષ પહેલા વીશ સ્થાનક તપ પૂર્ણ કરી ઉજમણુ અને ત્રણ દિવસનો મહોત્સવ સ્વદ્રવ્યથી કર્યો ! **અજૈનને પ્રવચનથી આટલો બધો લાભ થાય તો તમને જૈનને તો અનેકગણો લાભ થાય જ ને ?** લેવો છે ? આજ થી રોજ સાંભળશો ને ?

**(ઝ) પ્રામાણિકતાના આશીર્વાદ :-** રમેશભાઈ આજીવીકા માટે રીક્ષા ચલાવતા હતા, પૂનામાં રહેતા. **એકવાર રીક્ષામાંથી રૂા. ૧૦ હજારની થેલી મળી,** મુસાફર ભૂલી ગયેલા. રમેશભાઈ આર્થિક સંકડામણમાં હતા પણ **સાધુસંગથી પ્રમાણિકતા ગમતી.** પત્ની અને ત્રણ પુત્રીએ પૈસા રાખી લેવા વિનંતી કરી, પરંતુ રમેશભાઈએ રૂપિયા ભરેલી થેલી પોલીસ ચોકીએ સોંપી દીધી !!! માલિક મુસલમાન વૃધ્ધા એ ખૂબ શાબાશી આપી અને રૂા. ૨૦૦ બક્ષીશ આપવા માંડી. રમેશભાઈએ ન લીધી. બાઈએ હૈયાના ખૂબ આશીર્વાદ આપ્યા !

ગરીબો પણ પ્રામાણિક હોય છે તો દરેક સુખીએ તો **ક્યારેય કાણી કોડી પણ અનીતિની નથી લેવી એવો દઢ નિશ્ચય કરવો જોઈએ.**

**(ત) જીવદયા :-** સૂરેન્દ્રનગરના અનિલ વગેરે ૩ ભાઈ ધર્મી છે. **ખોળ કપાસનો ધંધો કરે છે. છતાં ચોમાસામાં ધંધો બંધ કરી દે** કારણકે ભેજને કારણે તેમાં જીવાત ખૂબ થાય. તેલ કાઢતા મીલવાળા બધી જીવાતને પીલી નાખે. હિંસા ન થાય માટે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોમાસામાં આવક જવા દે !! નવો પાક આવ્યા પછી જ ધંધો ચાલુ કરે ! વિશેષમાં એમના ઘરમાં બધાને રાત્રિભોજન ત્યાગ છે !! **મહેમાન ને પણ રાત્રે જમાડે નહીં !! ત્રણે ભાઈ સંતાનોને ધાર્મિક અભ્યાસ કરાવે છે** !! બધા પૂજા રોજ કરે છે ! માતાના ધાર્મિક સંસ્કાર થી આવી ઘણી આરાધના કરતો આ પરિવાર માતાના આ ઉપકારોને યાદ કરી અહોભાવ થી શતશઃ પ્રણામ કરે છે ! વાંચી તમે કંઈક તો શરૂ કરશો ને ?

**(થ) દેવું તરત ચૂકવવું** :- ગુજરાતનો ૨૩ વર્ષીય યુવાન આફતમાં ફસાયો.. સંબંધીએ લાગણીથી એક લાખ રૂપિયાની સહાય (લોન રૂપે) કરી. થોડા વર્ષે યુવાન કમાતો થયો. દર મહિને દસ હજાર ચૂકવવાનો વિચાર કર્યો. પૂછતાં માએ કહ્યું, "હમણાં બચત વ્યાજે મૂક. થોડા વખત પછી ચુકવશું !" આ સલાહ યુવકને ગમી નહીં. માતૃભક્ત તેણે સવિનય પ્રાર્થના કરી. "**માતાજી ! કટોકટીમાં સંબંધીએ સહાય કરી મહાન ઉપકાર કર્યો છે**. વગર વ્યાજે આપી છે. ન ચુકવાય ત્યાં સુધી ખાવું પણ કેમ ભાવે ? મોડા ચૂકવીએ એનો અર્થ એ થયો કે આપણે એમના પૈસાથી વ્યાજ કમાઈએ છીએ ! તુ વિચાર, આપણી ફરજ તાત્કાલિક દેવું ચૂકવવાની છે !" મા સંમત થઈ, દેવું ચૂકવવા માંડયું ! મોટે ભાગે દુઃખમાં સહાય ખાસ કોઈ કરતું નથી એવા જમાનામાં સહાયક સજ્જનનો અનન્ય ઉપકાર માની શક્ય જલદી દેવું ચૂકવવાની દરેકની પ્રથમ ફરજ છે.

*ભાગ ૮ સંપૂર્ણ*



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અને અંતે

- હે વાચક, પુસ્તક ગમ્યું ?
- તો એમાંથી વત્તી ઓછી આરાધના જીવનમાં લાવવા સંકલ્પ કરી યોજનાબદ્ધ પુરુષાર્થ કરવા જેવો છે.
- સંતાનોને આ પ્રસંગો પ્રેમથી કહી સુસંસ્કારી બનાવવા જોઈએ.
- આ પ્રસંગો શાંતિથી વારંવાર વાંચવાથી ખૂબ જ લાભ થશે.
- મિત્રો, સ્વજનો, પડોશીઓ વગેરે ૫-૨૫ ને ભેટ આપવાથી તેમનું જીવન પણ મધમધતું ઉપવન બની શકે છે !
- શુભ પ્રસંગો વારંવાર આવતા હોય છે. ક્યારેક આ સુંદર પુસ્તકની પ્રભાવના કરવાથી ઘણાંને થોડો ઘણો લાભ થશે. ઘણાં બધાંને લાભ થયો પણ છે.

**ગામે ગામ ઘરે ઘરે આનો પ્રચાર થવાથી નાના-મોટા સહુને પ્રાયઃ આ પ્રસંગોથી આરાધના, અનુમોદનાની પ્રેરણા મળશે. તમને અલ્પ ધનથી પરોપકારનું અમાપ પુણ્ય મળશે.**

- પ્રથમ ભાગની માત્ર ૫૦૦ નકલો સાથે પ્રકાશિત થયેલ આ પુસ્તક ભાગ ૧ થી ૭ નવી ૫૦૦૦ કોપી સાથે પ્રગટ થાય છે.
- પહેલા ભાગની ૮ વર્ષમાં ૧૨ આવૃત્તિ અને બાકીના ભાગની પણ અનેક આવૃત્તિ અને હિંદી સાથે.
  આની કુલ ૨,૨૫,૦૦૦ નકલો પ્રગટ થઈ છે.
- સઘળા ભાગ વાંચો, વંચાવો, વસાવો, વિચારો, વહેંચો.
- ભાગ ૧ થી ૭ કન્સેશનથી મળશે.
- આવા પ્રેરક સત્ય પ્રસંગો મને મોકલી આપો.

**ભાગ-૯ ટુંકજ સમયમાં પ્રકાશિત થઈ રહેલ છે.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોટા મોટા માંથાઓને
પણ એકાંતે અસાર આ
સંસારમાં અવાર નવાર અવનવી
આફતો આવ્યા જ કરે છે.

આપત્તિઓ પાપથી જ આવે છે. વિપત્તિઓથી બચવા અને સાચા સુખો મેળવવા **પાપ ઘટાડી ધર્મ વધારવો જોઈએ.**

હે જૈનો ! તમે ધર્મપ્રેમી છો, છતાં આ કલિકાળમાં સર્વત્ર પ્રસરેલા પાપ અને સ્વાર્થના વાતાવરણથી તમે પણ ઓછા વત્તા ખરડાયા હશો. **આ ભયંકર દોષો તમારું ભયંકર અહિત કરશે.** કોઈ પણ રીતે એનાથી બચવું જરૂરી છે.

હે પુણ્યશાળીઓ ! આજીવિકા આદિ અનેકવિધ ચિંતાઓમાં ફસાયેલા તમને આ માનવભવને સફળ કરવા ધર્મ વધારવાની અને પાપ ઘટાડવાની ભાવના પણ ઘણી વાર થતી હશે. આ શ્રેષ્ઠ ભાવના પૂર્ણ કરવાનો સુંદર ઉપાય આમાંના **પ્રસંગો એકાગ્રતાથી વાંચવા એ પણ છે.**

ગુલાબ જેવા મઘમઘતા આ સત્ય પ્રસંગો વર્તમાનકાળના હોવાથી ખૂબ પ્રેરક છે. અમાસની અંધારી રાત્રે આહ્લાદક પ્રકાશ રેલાવતા ટમટમતા તારલા જેવા આ ઉત્તમ ધર્મી શ્રાવકોના પવિત્ર પ્રસંગો તમને ચોક્કસ ... દનાનું **પુણ્યાનુ બંધી પુણ ... ત કરવા સમર્થ બનાવશે.** ... ગોમાંથી યથાશક્તિ ધર્મ કર ... શો.

Serving JinShasan
125847
gyanmandir@kobatirth.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"મરક્યુરી" ફોન : (૦૭૯) ૨૫૬૨૪૦૨૯ (મો) ૩૧૦૦૭૦૧૬